| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૨૯/૦૧/૨૦૨૦ | | |
| દાખલ તારીખ : | ૨૯/૦૧/૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ : | ૨૮/૦૭/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૫ | ૨૯ |

## ખંભાતના મહે. એડીશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની અદાલતમાં

સેશન્સ કેસ નં. ૨૫/૨૦૨૦
આંક :

**ફરીયાદી:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિ રૂ ધ્ધ.....**

**આરોપીઓ:–**
૧. રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, ઉ.વ. ૬૪
૨. સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, ઉ.વ.૩૬,
૩. પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, ઉ.વ.૪૨,
૪. નરેન્દ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, ઉ.વ.૩૦,
૫. કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, ઉ.વ.૩૦,
૬. કનુભાઈ શનાભાઈ ઠાકોર, ઉ.વ.પર,
૭. ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણ, ઉ.વ.પ૪,
તમામ રહે. વટાદરા, કોટડીયા વિસ્તાર,
તા. ખંભાત, જી. આણંદ.

**ગુન્હો :–** **ઈ.પી.કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫ મુજબ...**

---

ફરિયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી જે.એસ.ગઢવી.
આરોપીપક્ષે વિ. વકીલશ્રી જી.કે.પંડયા

---

## -:: <u>ચુકાદો</u> ::-

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરિયાદ આધારે, **ગુ.ર.નં. ૩૧/૨૦૧૭ થી ઈ.પી.કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫** વિગેરે મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઈલ કરતાં હાલનો સેશન્સ કેસ ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત :**

(૨) આ કામના આરોપીઓએ તા.૨૨/૦૬/૨૦૧૭ ના કલાક ૧૩:૦૦ વાગ્યા દરમિયાન મોજે વટાદરા કોટડીયા વિસ્તારમા આ કામના આરોપીઓ એ ઝાડ પાડવા બાબતની અદાવત રાખી એક સંપ થઈ આવી ગેરકાયદેસર મંડળી બનાવી મારક હથીયારોથી સજજ થઈ આવી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સાહેદ રૂપલબેન ઉર્ફે ઉષાબેનને માથાના ભાગે જાનથી મારી નાખવાના ઈરાદે ધારીયું મારી લોહી કાઢી નાખી તથા ફરીયાદીની સાહેદ બહેનો તથા માતા-પિતાને લાકડી તથા લોખંડની પાઈપ વડે માર મારી ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫ વિગેરે મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

## પોલીસ તપાસ અને કમીટલ કાર્યવાહી :

(૩) ઉપરોકત ફરીયાદના આધારે આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, જરૂરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહી અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા તેઓશ્રીએ ખંભાતના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ. પરંતુ આરોપીઓ **૧.** રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર,**૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.**ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણ, તમામ રહે. વટાદરા, કોટડીયા વિસ્તાર, તા. ખંભાત, જી.આણંદ સામે આક્ષેપીત ગુન્હાઓ સેશન્સ ટ્રાયેબલ હોય જેથી તેઓ ધ્વારા કેસ કમીટ કરી સેશન્સ અદાલત ખંભાતને મોકલી આપેલ હતો અને તેને સેશન્સ કેસ નં. ૨૫/૨૦૨૦ આપવામાં આવેલ હતો. ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેથી અદાલતમાં સદર કેસ ટ્રાન્સફર થઈ આવેલ.

(૪) ત્યારબાદ આરોપીઓને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને મારા પુરોગામી અધિકારીશ્રી ધ્વારા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, આંક–૦૫ થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીઓએ પોતાના આંક–૦૬ થી આંક–૧૨ સુધીના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકિલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતું અને તેથી ત્યારબાદ આ કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૫) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવા</u> :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો. | આંક |
|---|---|---|---|
| ૧. | રમેશભાઈ હરીભાઈ પટેલ | પંચ સાહેદ | ૧૭ |
| ૨. | ભાઈલાલભાઈ મેલાભાઈ ઠાકોર | પંચ સાહેદ | ૨૧ |
| ૩. | ઘનશ્યામસિંહ નારુભા સીણોલ | પંચ સાહેદ | ૨૨ |
| ૪. | નટવરસિંહ નાથુભા પરમાર | પંચ સાહેદ | ૨૫ |
| ૫. | અશોકભાઈ જેઠાભાઈ પટેલ | પંચ સાહેદ | ૨૬ |
| ૬. | ડો. સુકન નીતંજકુમાર કાપડીયા | ડોકટર સાહેદ | ૩૦ |
| ૭. | ડો. યુવરાજસિંહ મહેન્દ્રસિંહ પરમાર | મેડીકલ ઓફીસર | ૩૩ |
| ૮. | રીકીનકુમાર જશભાઈ પટેલ | પંચ સાહેદ | ૩૬ |
| ૯. | ડો. સંધ્યા ભાનુભાઈ મેકવાન | મેડીકલ ઓફીસર | ૩૭ |
| ૧૦. | કીરણ સિંહ ભગવતસિંહ વાઘેલા | ફરીયાદી | ૪૧ |
| ૧૧. | રૂપલબેન ઉર્ફે ઉષાબેન ભગવતસિંહ વાઘેલા | ઈજાપામનાર સાહેદ | ૪૬ |
| ૧૨. | સીમાબેન ભગવતસિંહ વાઘેલા | સાહેદ | ૪૮ |
| ૧૩. | ભગવતસિંહ ગાંડાભાઈ વાઘેલા | સાહેદ | ૪૯ |
| ૧૪. | નિતાબેન ભગવતસિંહ વાઘેલા | સાહેદ | ૫૬ |
| ૧૫. | રેણુબેન ભગવતસિંહ વાઘેલા | સાહેદ | ૫૮ |
| ૧૬. | ક્રિષ્નાબેન કિરણ સિંહ વાઘેલા | સાહેદ | ૫૯ |
| ૧૭. | સજનબેન ભગવતસિંહ વાઘેલા | સાહેદ | ૬૨ |
| ૧૮. | દિનેશકુમાર ચિમનલાલ પ્રજાપતિ | સાહેદ | ૬૪ |
| ૧૯. | ધનંજય મગનભાઈ પટેલ | નિવૃત સાયન્ટીફીક ઓફીસર | ૬૭–એ |
| ૨૦. | હિતેષકુમાર જશભાઈ મકવાણા | નાયબ મામલતદાર | ૭૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૧. | વિનોદભાઈ બાબુભાઈ ચૌધરી | પી.આઈ. સીકકા પો.સ્ટે.જામનગર | ૭૩ |
| ૨૨. | પરસોતમભાઈ ગોરધનભાઈ પટેલ | સાહેદ | ૯૧ |

**<u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૮ |
| ૨. | પંચોની સહીઓ | ૧૯ અને ૨૦ |
| ૩. | શરીર સ્થિતિ તથા હથીયાર પંચનામુ | ૨૩ અને ૨૪ |
| ૪. | ઈજા પામનારના કપડાં કબ્જે કર્યા તે અંગેનુ પંચનામુ | ૨૭ |
| ૫. | ડિસ્ચાર્જ સમરી | ૩૧ |
| ૬. | રીફર નોટ | ૩૨ |
| ૭. | ઈજાપામનારના મેડીકલ સર્ટીફીકેટ | ૩૪ થી ૩૯ |
| ૮. | એમ.એલ.સી. કેસની સારવાર આપવા બાબત | ૪૦ |
| ૯. | ફરીયાદ | ૪૨ |
| ૧૦. | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૬૮ |
| ૧૧. | હથીયારબંધીના જાહેરનામાની નકલ | ૭૨ |
| ૧૨. | ઝાયડસ હોસ્પીટલની ટેલીફોન વર્ધી | ૭૪ |
| ૧૩. | ટેલીફોન વર્ધી | ૭૫ |
| ૧૪. | ઝાયડસ હોસ્પીટલની ટેલીફોન વર્ધી | ૭૬ |
| ૧૫. | રવાનગી પત્રક | ૭૭ |
| ૧૬. | મુદામાલ પાવતી | ૭૮ |
| ૧૭. | વી.એચ.એફ. મેસેજ | ૭૯ |
| ૧૮. | ઈજાપામનારનુ મેડીકલ સર્ટી. આપવા કરેલ યાદી | ૮૦ |
| ૧૯. | વી.એચ.એફ. મેસેજ | ૮૧ |

| | | |
|---|---|---|
| ૨૦. | જાહેર રોપોર્ટ | ૮૨ |
| ૨૧. | ફોરવડીંગ પત્ર | ૮૩ |
| ૨૨. | એફ.એસ.એલ. અહેવા | ૮૪ |
| ૨૩. | સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ | ૮૫ |

(૬) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં ત્યારબાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીઓએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે અને વિશેષમાં તેઓએ જણાવેલ છે કે,'' અમારી સામે ખોટો કેસ કરવામા આવેલો છે શંકાના આધારે પોલીસે અમારી ધરપકડ કરેલ છે આવો ગુનો અમોએ કરેલ નથી. જેથી સદર કામે અમોને નિદોર્ષ છોડી મુકવા મે. કરશોજી.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. જીલ્લા સરકારી વકિલ શ્રી જે.એસ.ગઢવી હાજર થઈ તેની મોખીક દલીલ કરી જણાવે છે કે, સદર કામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે. તેમજ ફરીયાદપક્ષે કુલ–૨૧ સાહેદો તપાસવામા આવેલ છે. જેમા આંક–૩૦ થી ડો.સુકન કાપડીયા જણાવે છે કે સામાવાળાની હીસ્ટ્રી છે નામ નથી. આંક–૩૩ થી ડો.યુવરાજ પરમાર જણાવે છે કે, હિસ્ટ્રીમા આરોપીઓના નામ જણાવેલ નથી.આંક–૩૭ થી ડો.સંધ્યા મેકવાન તેમની હિસ્ટ્રીમા જણાવે છે કે ઉષાબેનને ૮ થી ૧૦ જણાએ માથામા મારેલુ. આંક–૪૧ થી કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા આ કામના ફરીયાદી છે અને ઈજા પામનાર છે અને આંક–૪૨ ની ફરીયાદને સંપુર્ણ સમર્થન આપેલ છે. આરોપીઓને ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ છે.આંક–૪૬ થી ઈજાપામનાર સાહેદ રૂપલબેન છે ફરીયાદીના બહેન થાય છે.તેમજ બનાવના નજરે જોનાર સાહેદ છે. તેમણે પણ ફરીયાદની હકીકતને સમર્થન આપેલ છે તેમજ મુદ્દામાલ અને આરોપીઓને અને ઈજાપામનારના કપડાંને ઓળખી બતાવેલ છે. આંક–૪૮ થી સીમાબેન ભગવતસિંહ

ઈજાપામનાર છે અને બનાવના નજરે જોનાર સાહેદ છે. ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે.આરોપીઓને અને મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. આંક–૪૯ થી ભગવતસિંહ વાઘેલા ફરીયાદીના પિતા છે તેમજ ઈજાપામનાર છે અને બનાવ ના નજરે જોનાર સાહેદ છે. આરોપીઓને ઓળખી બતાવેલ છે.જુબાની ન માનવાને કોઈ કારણ નથી. આંક–૫૬ થી નીતાબેન ભગવતસિંહ વાઘેલા ફરીયાદીના બહેન છે અને નજરે જોનાર સાહેદ છે અને ફરીયાદપક્ષની હકીકતોને સંપુર્ણ સમર્થન આપે છે.આંક–૫૮ થી રેણુકાબેન વાઘેલા ઈજાપામનાર છે અને બનાવના નજરે જોનાર સાહેદ છે. ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે.આંક–૫૮ થી ક્રિષ્નાબેન વાઘેલા ઈજાપામનાર છે અને બનાવના નજરે જોનાર સાહેદ છે.આરોપીઓને અને મુદ્દામાલ ઓળખી બતાવે છે. આંક–૬૨ થી સજજનબેન ભગવતસિંહ વાઘેલા જેઓ ફરીયાદીના માતા છે અને ૭૫ વર્ષની ઉંમરના છે અને ઈજા પામનાર છે અને બનાવના નજરે જોનાર સાહેદ છે. આરોપીઓ તથા મુદ્દામાલ ઓળખી બતાવે છે. આંક–૬૪ થી દીનેશ ચીમનલાલ પ્રજાપતી કે જેઓ બનાવ ના સ્વતંત્ર સાહેદ છે અને જેઓ બનાવ સ્થળે ઝાડ ખસેડવા ક્રેન લઈ આવેલા અને જયાં આ બનાવ બનેલો અને ફરીયાદપક્ષને સમર્થન આપે છે તેમજ આરોપી તથા મુદ્દામાલ ઓળખી બતાવે છે. આંક–૬૭(એ) થી ધનંજય મગનભાઈ પટેલ નિવૃત સાયન્ટીફીક ઓફીસર છે અને તેઓએ ગુનાવાળી જગ્યાનુ સ્થળ પરીક્ષણ કરી તેમની જુબાનીમા આંક–૬૮ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ કરેલ છે. તેમજ આંક–૬૮ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ કરેલ છે અને સ્થાનીક જગ્યાનુ નિરીક્ષણ કરી રોપોર્ટ આપેલ છે.આંક–૭૧ થી હીતેશકુમાર જશભાઈ મકવાણાઆંક–૭૨ થી હથીયારબંધીનુ જાહેરનામુ રજુ રાખેલ છે આંક–૭૩ થી વિનોદભાઈ બાબુભાઈ ચૌધરી સદર કામે તપાસ કરનાર અમલદાર છે. તેઓએ સદર ગુન્હાની ફરીયાદ લીધેલ અને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને ગુનાના કામે સાહેદોના નિવેદનો લીધેલા છે. તેમજ આરોપીઓની ધરપકડ ની કાર્યવાહી કરેલ છે. તેમજ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપે છે. આંક–૨૧ થી પંચ સાહેદ ભાઈલાલભાઈ ઠાકોર આંક–૧૮ ના પંચનામાને સમર્થન આપે છે. આંક–૧૭ ના પંચસાહેદ રમેશભાઈ હરીભાઈ પટેલ

આંક–૧૮ ના પંચનામાના પંચ સાહેદ છે આંક–૨૨ થી ધનશ્યામભાઈ નારૂભા સીણોલ અને આંક–૨૫ થી નટવરસિંહ નાથુભા પરમાર આંક–૨૩ અને ૨૪ ના શરીરસ્થિતના પંચનામાના પંચ સાહેદો છે. આંક–૨૬ થી અશોકભાઈ જેઠાભાઈ પટેલ ઈજાપામનાર રૂપલબેનના કપડા કબ્જે લીધેલ તે પંચનામાના પંચ સાહેદ છે આ તમામ પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે. આંક–૨૭ ના પંચનામાના પંચોના હોસ્ટાઈલ થવાથી ફરીયાદપક્ષને સમર્થન થતુ નથી કારણ કે તપાસ કરનાર અમલદારે એ તમામ પંચનામાને સમર્થન આપેલ છે. તેમજ આંક–૦૫ થી ફમાવવામા આવેલ તહોમતનામુ ફરીયાદપક્ષ પુરવાર કરવામા સફળ થયેલ હોય.ડોકટર સાહેદ તેમજ એફ.એસ.એલના સહાયક પુરાવાઓ પણ ફરીયાદપક્ષને સમર્થન કરે છે.તેમજ આરોપી રામસિંહે ફરીયાદીના બહેન રૂપલબેન ઉપર પાઈપ લઈને ટુટી પડેલા તેમજ સીમાબેન તથા રેણુકાબેનને બરડાના ભાગે ઈજા પહોચાડેલ છે. આરોપી સુરેશભાઈએ લોખંડની પાઈપ ફરીયાદીના બહેન મીતાબેનને બરડાના ભાગે તેમજ ક્રિષ્નાબેનને પીઠમા લાતો મારેલી. આરોપી પ્રકાશભાઈ ધારીયુ લઈ ફરીયાદીને મારવા જતા વચ્ચે રૂપલબેન આવી જતા તેને માથામા ધારયુ વાગેલ છે. આરોપી નરેન્દ્રભાઈએ ફરીયાદીના માતા સજજનબેનને લાકડાનો ડંડો જમણી આંખ પર મારેલ. આરોપી કલ્પેશભાઈએ ફરીયાદીના પિતા ભગવતસિંહને ગડદાપાટુનો માર મારેલ તથા પગમા લોખંડની પાઈપ મારેલ.આરોપી ભાનુભાઈએ લાકડાનો ડંડો ઈજાપામનાર રૂપલબેનને જમણા હાથે મારેલ. તેમજ આંક–૪૨ ની ફરીયાદમા આરોપીઓએ એવુ જણાવેલ છે કે આજે તો બચી ગયા છો તેવી જાનથી મારી નાખવાની ધમકી આપતા ત્યાંથી ભાગી જતા રહેલા. આમ, ફરીયાદપક્ષના કેસને ફરીયાદી, નજરે જોનાર સાહેદ, મેડીકલ એવીડન્સ, તપાસ કરનાર અમલદારના પુરાવાથી સમર્થન મળતુ હોય, તેમજ આંક–૦૫ નું તહોમતનામુ પુરવાર કરવામા સફળ ગયેલ હોય, ત્યારે તમામ આરોપીઓને ગુન્હામા તકસીરવાન ઠરાવવા જોઈએ.

(૮) આરોપીપક્ષના વિ.વકીલશ્રી જી.કે.પંડયા તેઓની મોખિક દલીલમા એવુ જણાવે છે કે, સદર કામે રૂપલબેનને તીક્ષ્ણ ઈજાઓ થયેલી છે. ફરીયાદપક્ષ મેડીકલ એવીડન્સ અને ડોકટર સમક્ષ હીસ્ટ્રી કે મૌખીક પુરાવાથી

આંક–૦૫ નું તહોમતનામુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. ફરીયાદપક્ષ આઇ.પી.સી ની કલમ–૫૦૪ અને ૫૦૬(૨) ના તત્વો પુરવાર કરી શકયા નથી. સદર કામે તકરાર લીમડાના ઝાડ બાબતની રહેલી છે. બનાવ તા.૨૨/૦૬/૨૦૨૭ ના રોજ બપોરે ૧૩:૦૦ કલાકે બનેલો અને સદર કામની ફરીયાદ પણ તા.૨૨/૦૯/૨૦૧૭ ના રોજ કલાક ૧૪:૧૫ વાગ્યે આપવામા આવેલી છે.સર્વે નં.૮૫૩ પૈકી પ્લોટ નં.૧૩, ૧૪, ૧૫ ના માલીક ફરીયાદી છે તે હકીકત બીનતકરારી છે મુળ માલીક ગોરધનભાઇ બાબુભાઇ છે જેમણે બીન ખેતીનો હુકમ કરાવી પ્લોટ પાડી જમીન વેચેલ.બનાવ બનેલ ત્યારે આરોપી સુરેશ ૧ કી.મી દુર હતો, આરોપી કમલેશ ભાદરણ મુકામે લાઇફીટીંગ માટે ગયેલ હતો, આરોપી ભાનુભાઇ બીજદાન માટે અન્યના ઘરે ગયેલ હતા. તેનો ફરીયાદી ઇન્કાર કરે છે ફરીયાદીને કોણે ઇજા કરેલી તે ફરીયાદમા જણાવેલ નથી. રૂપલ અને ઉષા બંને એકજ વ્યકિત છે. આંક–૩૩ થી ડોકટર યુવરાજસિંહ મહેન્દ્રસિંહ પરમારે આરોપીઓના નામ જણાવેલ છે. આંક–૩૪ થી ૪૦ સુધીના મેડીકલ સર્ટીફીકેટ પોલીસ યાદી વગર આવેલ છે. આંક–૩૪ ના મેડીકલ સર્ટી.મા ફરીયાદીને પાછળથી કોણે મારેલુ તે કહી શકતા નથી. આંક–૩૫ ના મેડીકલ સર્ટી.મા એવુ જણાવેલ છે કે, સાજનબેનને નરેન્દ્રસિંહે લાકડાનો ફટકો જમણી બાજુ આંખની નીચે મારેલ અને ઇજા સામાન્ય પ્રકારની હતી. આંક–૩૬ ના મેડીકલ સર્ટી.મા લખેલ છે કે આરોપી કલ્પેશભાઇએ ક્રિષ્નાબેનને પેટના તથા પીઠના ભાગે લાત મારેલી તથા ફરીયાદમા પેટના ભાગે દુખાવાનુ જણાવેલ છે. તેમજ કોઇ દેખીતી શારીરીક ઇજા ન હતી. આંક–૩૭ થી રેણુકાબેનના મેડીકલ સર્ટી.મા એવુ જણાવેલ છે કે, આરોપી સુરેશભાઇએ લોખંડના પાઇપ થી જાંઘ મારેલ અને ઇજા સામાન્ય પ્રકારની હતી. આંક–૩૮ થી સીમાબેન ના મેડીકલ સર્ટી.મા એવુ જણાવેલ છે કે, આરોપી રામસીંહે લોખંડના પાઇપથી બરડાના ભાગે મારેલ અને ૭.૧ સે.મી જેટલો લાલ રંગનો ઉજરડો થયેલ. આંક–૩૯ થી નીતાબેન ના મેડીકલ સર્ટી.મા એવુ જણાવેલ છે કે, આરોપી ભાનુભાઇએ લોખંડના દંડા વડે પીઠ પર મારેલ અને ૧.૧ સેમીનો ઉજરડો જમણી બાજુ અને ૫.૧ સેમીનો ઉજરડો ડાબી બાજુ પીઠના ભાગે થયેલ. ડો.સંધ્યા તેમની

ઉલટતપાસમા જણાવે છે કે દર્દીને થયેલ ઈજા મૃત્યુ નીપજાવી શકે તેવી ન હતી. ગુનાની હીસ્ટ્રી ઉષાબેનની માતાએ આપેલી કોણ વ્યકિત હતુ તેના નામ આપેલ નથી.આંક–૩૦ થી ડો.સુકન કાપડીયા જણાવે છે કે, દર્દીને જે ઈજા થયેલી હતી તે દર્દીનુ મૃત્યુ નીપજાવી શકે તેવી ન હતી. મેડીકલ એવીડન્સ થી આઇ.પી.સી કલમ–૩૦૭ પુરવાર થતી નથી. આંક–૯૭ થી લેખીત દલીલ રજુ કરેલ છે પેરા–૦૯ કોન્ટ્રાડીકશન વંચાણે લેવા વિનંતી કરે છે. આર્ટીકલ–૧૦ ધારીયુ ઓળખી બતાવેલ છે અને આર્ટીકલ–૩, ૫, ૧૧ કોના હાથમા હતુ તે કહી શકેલ નથી. સદર કામની તકરાર કોમન પ્લોટ બાબતની હતી.આંક–૮૪ અને ૮૫ ના એફ.એસ.એલ. રીપોર્ટ અને સીરોલોજીકલ અહેવાલ મા એવુ જણાવેલ છે કે ધારીયા પરથી, કપડાં પરથી પણ બ્લડ સ્ટેન મળી આવેલ નથી. તેમજ ઝાડ કાપવાની કોઇ પરવાનગી લેવામા આવેલ નથી. સદર કામે બચાવપક્ષના સાક્ષીઓ તપાસવામા આવેલા છે અને પંચો હોસ્ટાઇલ જાહેર થયેલ છે.

(૯) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફની દલીલો તેમજ રજૂ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદા ::–**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૨/૦૬/૨૦૧૭ ના કલાક ૧૩:૦૦ વાગ્યા દરમિયાન મોજે વટાદરા કોટડીયા વિસ્તારમા આ કામના આરોપીઓ એ ઝાડ પાડવા બાબતની અદાવત રાખી એક સંપ થઈ આવી ગેરકાયદેસર મંડળી બનાવી મારક હથીયારોથી સજજ થઈ આવી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સાહેદ રૂપલબેન ઉર્ફે ઉષાબેનને માથાના ભાગે જાનથી મારી નાખવાના ઈરાદે ધારીયું મારી લોહી કાઢી નાખી તથા ફરીયાદીની સાહેદ બહેનો તથા માતા–પિતાને લાકડી તથા લોખંડની

પાઈપ વડે માર મારી ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે. જીલ્લા મેજી. સાહેબના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫ વિગેરે મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો છે ?

**૨.** શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧). હકારમાં,

૨). આખરી હુકમ મુજબ.

**(૧૧)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં. ૧ અને ૨ :–**

**(૧૨)** મુદા નં. ૧ તથા ૨ એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું પુનરાવર્તન ટાળવા બંને મુદાઓનું એકસાથે મુલ્યાંકન અને વિશ્લેષણ આ નીચે મુજબ કરવામાં આવે છે સાથે સાથે ભારતીયા પુરાવા અધીનીયમની કલમ–૧૦૧ તથા નામ. સુપ્રિમ કોર્ટએ નીચેના ચુકાદામા પુરાવાના મુલ્યાં કન સમયે કઈ બાબતોને ઘ્યાને લેવી જોઈએ તેવુ ઠરાવેલ છે તે ચુકાદો નમ્રતાપુર્વક વંચાણે લીધો જે નીચે મુજબ છે.

2018 (0) AIJEL-SC 62836
SUPREME COURT OF INDIA
(MADHYA PRADESH HIGH COURT)
Hon'ble Judges: R.Banumathi, Vineet Saran

State Of Madhya Pradesh Versus Chhaakki Lal with Ramveer

Versus
Chhaakki Lal

23. The High court proceeded on the footing that the evidence of Kesar Bai (PW-1) being the solitary witness is not reliable to base the conviction unless corroborated in material particulars. As discussed above, so far as the place of occurrence is concerned, the evidence of PW-1 is amply corroborated by other evidence. It is fairly well settled that it is not the number; but the quality of the evidence that matters. In terms of Section 134 of the Evidence Act, "no particular number of witnesses shall in any case be required for the proof of any fact". The test whether the evidence has a ring of truth is cogent and trustworthy. In Prithipal Singh and Others v. State of Punjab and Another (2012) 1 SCC 10, it was held as under:- "49. This court has consistently held that as a general rule the court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. There is no legal impediment in convicting a person on the sole testimony of a single witness. That is the logic of Section 134 of the Evidence Act. But if there are doubts about the testimony, the court will insist on corroboration. In fact, it is not the number or the quantity, but the quality that is material. The timehonoured principle is that evidence has to be weighed and not counted. The test is whether the evidence has a ring of truth, is cogent, credible and trustworthy or otherwise. The legal system has laid emphasis on value, weight and quality of evidence, rather than on quantity, multiplicity or plurality of witnesses. It is, therefore, open to a competent court to fully and completely rely on a solitary witness and record conviction. Conversely, it may acquit the accused in spite of testimony of

**several witnesses if it is not satisfied about the quality of evidence." The same principle was reiterated in Sudip Kumar Sen alias Biltu v. State of West Bengal and others (2016) 3 SCC 26.**

(૧૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામે આક્ષેપીત ઈ.પી.કોડ ની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫ વિગેરે મુજબના ગુન્હા પુરવાર કરવા ઉપરોકત વિગતે દર્શાવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખેલો છે. જેનું મુલ્યાંકન અને વિશ્લેષણ નીચે મુજબ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષ તરફથી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા ફરીયાદ પક્ષ તરફથી જે તેમનો કેસ પુરવાર કરવા માટે જે સાહેદો તપાસેલા છે તે નીચે મુજબના છે અને તેઓની જુબાની નીચે મુજબ છે.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવો કે જે **ફરીયાદપક્ષને સમર્થન** કરે છે. તે નીચે મુજબ છે.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે આંક– ૪૧ થી કિરણસિંહ ભગવતસિંહ વાઘેલાને તપાસવમા આવેલા છે. ફરીયાદી તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે '' બનાવ તા.૨૨–૦૬–૨૦૧૭નાં રોજ બપોરના એકાદ વાગ્યાના સુમારે લીમડાનુ ઝાડ પાડવા માટે મેં ક્રેન બોલાવેલી જેથી હું ઉપરોકત પ્લોટ નં.૧ થી જમાં હતો અને ઝાડ પાડવાની તૈયારી કરતા હતાં તે વખતે રામસિંહભાઈ હાથમાં પાઈપ લઈને પ્રકાશભાઈ હાથમાં ધારીયુ તથા સુરેશ ઉર્ફે લાલો હાથમાં લોખંડની પાઈપ તથા નરેન્દ્ર ઉર્ફે પોપટ તેના હાથમાં લાકડાનો ડંડો તથા કનુભાઈ શનાભાઈ તેમના હાથમાં ડંડો તથા કનુભાઈ શનાભાઈ તેમના હાથમાં લાકડાંનો

ડંડો અને કલ્પેશ કનુભાઈ લોખંડની પાઈપ તથા બુધાભાઈ ઉર્ફે ભાનુભાઈ હાથમાં લાકડાનો ડંડો લઈને આવેલા અને કહેતા હતાં કે આ ઝાડ તારુ નથી અમારુ છે જેથી મેં કહેલ કે આ ઝાડ અમારા પ્લોટમાં આવેલ છે બુમો પાડતા હથિયારો લઈને મારી તથા મારી બહેન રૂપલબેન ઉર્ફે ઉષાબેન ઉપર તૂટી પાડેલા અને મને પ્રકાશે ધારીયુ મારવા જતા મારી બહેન રૂપલબેન ઉર્ફે ઉષાબેન આવી જતા તેને માથામાં ધારીયુ વાગેલુ મારા બહેનને ચકકર આવતા બુધાએ લાકડાંનો ડંડો જમણા હાથે મારેલો ત્યારે મારા પિતાજી ભગવતસિંહ આવી ગયેલા તથા મારી બીજી બહેનો આવી ગયેલી ત્યારે રામસિંગે તેના હાથની લોખંડની પાઈપ સીમાબેન તથા રેણુબેનને બરડાના ભાગે મારેલી મારા પિતાને કમલેશે ગડદાપાટુનો માર તેમજ પગમાં લોખંડની પાઈપ મારેલી લાલા ઉર્ફે સુરેશે લોખંડની પાઈપ બરડામાં મારી બહેન મીતાને મારેલી અને મારી પત્નિ ક્રિષ્નાબેન આવતા તેને પિન્ટુએ લાતો પેઢામાં મારેલી જેથી મેં ૧૦૮ને ફોન કરેલો અને મારી માતા સજજનબેન ઘરમાં હતાં પોપટે લાકડાંનો ડંડો જમણી આંખ ઉપર મારેલો. ૧૦૮ આવતા બધુ શાંત પડી ગયેલુ અને મારી બહેન રૂપલને ખંભાત જનરલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને તેમની સાથે મારા સગાં નવલસિંહ ગયેલા. મને બરડામાં ઈજા થયેલી આ ઈજા કોણે કરેલી તેની મને ખબર નથી''

આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી કિરણસિંહ ભગવતસિંહ વાઘેલાને આંક-૪૧ થી તપાસવામા આવેલા છે તેઓ આંક-૪ર વાળી ફરીયાદમા જણાવેલ તમામ હકીકતોનુ સંપુણ સમર્થન કરે છે અને ફરીયાદ પર પોતે વાંચીને સહી કરી તેવી હકીકત જણાવે છે.આમ બનાવના દિવસે તા.૨૨/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે આ કામના આરોપીઓ **૧.** રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ**, ૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ**, ૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ**, ૪.** નરેન્દ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ**, ૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર**, ૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર**, ૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણ નાઓ મોજે વટાદરા કોટડીયા વિસ્તારમા આ કામના આરોપીઓ ઝાડ પાડવાની અદાવત રાખી એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી

બનાવી મારક હથીયારો થી સજજ થઇ તેમનો સામાન્ય ઈરાદો પાર પાડવા સાહેદ એટલે કે ફરીયાદીના બહેન રૂપલબેન ઉર્ફે ઉષાબેનને માથાના ભાગે જાનથી મારી નાખવાના ઈરાદે આરોપી પ્રકાશ રામસિંહ ગોહીલે ધારીયુ મારી ઈજા પહોચાડી અને અન્ય આરોપીઓએ કોણે શું મારેલ તેનુ વિગતવારનુ વર્ણન તેમની જુબાનીમા કરેલ છે અને નાલાયક તથા બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલ હતી તે હકીકતને સમર્થન કરે છે.

**(૧૬)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૦૬ તરીકે ડો.સુકન નીતંજકુમાર કાપડીયા આંક–૩૦ થી તપાસવામા આવેલ છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે'' ગઈ તારીખ ૨૨/૬/૧૭ના રોજ હુ મારી ફરજ પર હાજર છ. હતો ત્યારે દરદી નામે ઉષાબેન ભગવતસીહ વાઘેલા નાઓને કેમ્બે જનરલ હોસ્પિટલ માથી રીકર કરવામાં આવેલા તેઓને મે તપાસેલા અને તેઓને પુછતા તેઓએ જણાવેલ કે, જયારે તેઓ પોતાના નિવાસ્થાને હતા ત્યારે અંદાજે સાડા બાર વાગ્યાના સુમારે ઝઘડો થતા સામા વાળી વ્યકિતએ કોઈ ધારદાર અને સાથે જ કોઈ બુઠા સાધનથી માથાના અને જમણા હાથના ભાગે માર મારયો હતો તે માટે તેઓ કેમ્બેજ જનરલ હોસ્પિટલમા સારવાર લીધી હતી અને ત્યાથી આગળની સારવાર માટે તેમને ઝાયડસ હોસ્પિટલ મા સારવાર માટે રીફર કરવામાં આવ્યા હતા.''

સાહેદ વધુમા જણાવે છે કે,બનાવના દિવસે તેઓ ઝાયડસ હોસ્પીટલ ખાતે એમ.એસ જનરલ સર્જન તરીકે તરીકે ફરજ બજાવતા હતા ત્યારે દર્દી ઉષાબેન ભગવતસિંહ વાઘેલાને કેમ્બે જનરલ હોસ્પીટલ માંથી રીફર કરેલા અને તેઓને પુછતા સામાવાળી કોઇ વ્યકિતએ કોઇ ધારદાર અને સાથે જ કોઇ બુઠા સાધનથી માથામા અને જમણા હાથના ભાગે માર મારેલાની હકીકત જણાવેલી અને માથાની ડાબી બાજુ ૫ સે.મી. અને બીજી બાજુ ૨ સે.મી.નો ઘા હતો અને તેના પર ટાંકા લેવામા આવેલા જેથી દર્દીના માથાનો સીટીસ્કેન તથા છાતીનો તથા જમણા કાંડાનો એકસ–રે તથા પેટની સોનોગ્રાફી કરવામા આવેલ સાથે ન્યુરો સર્જનનો અભિપ્રાય લેવામા આવેલ જે તમામ રીપોર્ટ નોર્મલ આવેલા જેથી

એક દિવસ તેમને આઇ.સી.યુ. મા રાખી બીજા દિવસે જનરલ વોર્ડમા સીફ્ટ કરેલ અને તા.૨૭/૦૬/૨૦૧૭ ના રોજ તેમને રજા આપી દીધેલ અને તેઓએ જે મેડીકલ સર્ટીફીકેટ આપેલ તે આંક–૩૧ ને સમર્થન આપે છે અને ઉપરોકત ઈજા લોખંડના પાઇપ તથા ધારીયા જેવા હથીયાર થી સંભવી શકે તેવી જણાવે છે આમ ઈજાપામનાર ઉષાબેનને માથાના ભાગે ઈજા થયેલ તે હકીકતને સમર્થન સાહેદ મેડીકલ ઓફીસર છે તેવુ તેમની જુબાનીમા સમર્થન આપે છે.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૦૭ થી ડો. યુવરાજસિંહ મહેન્દ્રસિંહ પરમારને આંક–૩૩ થી તપાસવામા આવેલ છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે જેઓ પી.એચ.સી વટાદરા મુકામે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓ પાસે કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા,સજજનબેન ભગવતસિંહ વાઘેલા, ક્રિષ્નાબેન ભગવતસિંહ વાઘેલા, રેણુકાબેન ભગવતસિંહ વાઘેલા, નીતાબેન ભગવતસિંહ વાઘેલા,સીમાબેન ભગવતસિંહ વાઘેલા નાઓ સારવાર માટે આવેલા અને તેઓને સારવાર આપેલી તથા ઉપરોકત દર્દીઓ પાસે હીસ્ટ્રી લીધેલી તેમા તેઓને જે ઈજા થયેલ તે આ કામના સાતેય આરોપીઓના નામ લખાવેલા છે અને તેઓએ ઉપરોકત સાહેદોને ઈજા પહોચાડેલી અને તેઓની ઈજા બ્લુન્ટ એન્ડ હાર્ડ સબટન્સ થઇ શકે તેવી હતી. તેવુ તેઓએ આંક–૩૪ થી આંક–૩૯ સુધી આપેલા મેડીકલ સર્ટીફીકેટમા જણાવેલ છે અને તે રીતે તેઓ તેમની ઉપરોકત જુબાનીમા કયાં સાહેદને શું ઈજા થયેલી તેની વિગતવાર માહીતી આપેલી અને કોને કયાં કેવી ઈજા થયેલી તે પણ જણાવેલ છે. ઉપરોકત સાહેદ તેમની ઉલટતપાસમા તેઓ સારવાર માટે પોલીસ યાદી વગર આવેલા અને તે તમામ ઈજા સાદી હતી અને કયા વ્યકિતએ કરી છે, શું મારેલ છે તે દર્શાવેલ નથી તે હકીકત મેડીકલ ઓફીસર જણાવે છે. પરંતુ જયાર ધણા બધા માણસો એકસાથે હુમલો કરતા હોય ત્યારે કોણ શું મારી રહયા છે તે જે તે વખતે સાહેદને લખાવા માટે વાજબી જણાયેલ ન હોય અને તેઓ તે તમામ સાહેદોની તે હકીકત તેમની જુબાનીમા વિગતવાર જણાવેલ છે. આમ તેટલા માત્ર થી મેડીકલ ઓફીસરની જુબાની જ માનવાને કોઇ કારણ નથી અને

ઉલટાનુ ઉપરોકત મેડીકલ ઓફીસરની જુબાનીથી આ કામના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને માર મારી ઈજા પહોચાડેલાનુ પુરવાર થાય છે.

(૧૮) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૦૯ થી ડો. સંધ્યા ભાનુભાઇ મેકવાન ને આંક–૩૭ થી તપાસવામા આવેલ છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે '' ગઈ તા. ૨૨–૦૬–૨૦૧૭નાં રોજ બપોરના ૨–૦૦ વાગે એક ઈજા પામનાર ઉષાબેન ભગવતસિંહ વાઘેલા ઉ.વ.૩૦ રહે. વટાદરા નાઓ પોલીસ યાદી વગર અમારે ત્યાં સારવાર માટે આવેલા. તેમના માતા સજજનબા ભગવતસિંહ વાઘેલા નાઓએ હીસ્ટી આપેલી કે તા.૨૨–૦૬–૨૦૧૭નાં રોજ બપોરના ૧–૩૦ વાગે તેમના ઘરે જ ઉષાબેનને ધારીયા " અને લોખંડની પાઈપ વડે આશરે ૮ થી ૧૦ જણાએ માથામાં મારેલુ હતુ.'' દર્દી મારી સમક્ષ આવ્યા ત્યારે ભાનમાં હતા તેઓના વાઈટલસ નોર્મલ હતાં.''

વધુમા સાહેદ જણાવે છે કે બનાવના દિવસે તેઓ ખંભાત જનરલ મેડીકલ હોસ્પીટલમા મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે ઈજા પામનાર રૂપલબેન ઉર્ફે ઉષાબેન ભગવતસિંહ વાઘેલા તથા તેમની માતા સજજનબેન ભગવતસિંહ વાઘેલાને લઇ આવેલા ત્યારે તેઓએ હિસ્ટ્રીમા એવુ જણાવેલ કે તા.૨૨/૦૬/૨૦૧૭ ના દોઢ વાગ્યાના અરસામા ઉષાબેનને ધારીયા થી અને લોખંડના પાઈપ વડે આશરે ૦૮ થી ૧૦ જણાએ માથામા મારેલ હતુ અને તેઓને તપાસતા માથામા ડાબી બાજુ ૨*૧ ઇન્ચ નો છુંદાયેલો ઘા હતો જયારે બીજી ઈજા માથાની ડાબી બાજુ ૫*૨ ઇંચ સોજો હતો દર્દીની ઈજાઓ જોતા ઈજા ગંભીર પ્રકારની તેમજ તાજી હતી અને તે ઈજા પાઇપો, લાકડી તથા દંડા જેવા હથીયાર થી થઇ શકે તેનો મુદ્ધામાલ આર્ટીલક જોઇ અને તે હકીકતને સમર્થન આપેલ છે.

(૧૯) આ કામે ફરીયાદપક્ષે આંક–૪૬ થી ઈજાપામનાર રૂપલબેન ઉર્ફે ઉષાબેન ભગવતસિંહ વાધેલાને તપાસવામા આવેલ છે. સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે'' બનાવ તા.૨૨–૦૬–૨૦૧૭નાં રોજ બનેલો આશરે બપોરના એકાદ વાગ્યાનો સુમાર હતો તે વખતે હું મારા ઘરે હતી.

મારાભાઈ કિરણસિંહે ભાડે ક્રેન બોલાવેલ હતી જે ક્રેન લીમડાનુ ઝાડ નીચે પાડવા માટે બોલાવેલી અને હું માતાજીના મંદિરે પ્રસાદ ધરાવતી હતી ત્યારે રામસિંહ પ્રભાતસિંહ, પ્રકાશસિંહ ગોહેલ, સુરેશસિંહ ગોહેલ, નરેન્દ્રસિંહ ગોહેલ, બુધાભાઈ ચૌહાણ, કાળભાઈ શનાભાઈ ઠાકોર, કલ્પેશ કનુ ઠાકોર આ બધા આવેલા અને આ લોકો મોટેથી ગાળો બોલતા આવેલા અને કહેતા હતાં કે મારો મારો જેથી હું પ્રસાદ ધરાવતી ઉભી થયેલી આ લોકો મારાભાઈને મારવા ફરી વળેલા અને મારાભાઈને કહેતા હતા કે આ ઝાડ કેમ કાપે છે ત્યારે મારાભાઈએ કહેલ કે આ ઝાડ મારી જમીનમાં આવેલ છે જેથી હું પાડુ છું ત્યારે આ લોકો કહેતા હતા કે તારે ઝાડ કાપવાનુ નથી રામિસંગભાઈએ પાઈપ લઈને બરડામાં મારવા જતા મારી બહેન સીમા અને રેણુ વચ્ચે આવી ગયેલા જેથી મારી બન્ને બહેનોને વાગેલુ સુરેશ લોખંડની પાઈપ લઈને આવેલો જે મારાભાઈ તથા મારી બન્ને બહેનોને મારવા જતા મારી બહેન મીતાએ પાઈપ પકડી લીધેલી સુરેશે બરડામાં મીતાને પાઈપ મારેલી જેથી હું છોડાવવા જતા મને પ્રકાશસિંહ ગોહેલે ધારીયુ માથામાં મારેલ અને ધારીયુ વાગતા થોડો સમય અશિકત આવતા હું નીચે પડી ગયેલી. તે વખતે આ લોકો ગમે તેમ બોલતા હતા અને ગાળો બોલતા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી અને ત્યારબાદ મારા માતા–પિતાને આ લોકોએ એટલે કે બુધા શનાએ તથા તેમના દિકરાંઓએ તેઓને માર મારેલો''

તે જ રીતે આ કામે ઈજા પામનાર સાહેદ રૂપલબેનને આંક–૪૬ થી તપાસવામા આવેલા છે. તેઓ પણ તેમની જુબાનીમા બનાવ તા.૨૨/ ૦૬ / ૨૦૧૭ ના રોજ બપોરના એક વાગ્યે મારા ભાઈ કિરણસિંહે લીમડાનુ ઝાડ પાડવા માટે ક્રેન બોલાવેલ અને પોતે માતાજીના મંદીરે પ્રસાદ ધરાવતી હતી ત્યારે આ કામના તમામ આરોપીઓ મોટે થી ગાળો બોલતા આવેલા અને ફરીયાદી એટલે કે તેમના ભાઈને આરોપીઓ મારવા ફરી વળેલા અને લીમડાનુ ઝાડ કેમ પાડે છે તેમ કહી આરોપીઓ લોખંડના પાઈપો, તથા ધારીયાથી મારવા લાગતા મને તથા મારી બહેન સીમા,રેણુ અને મીતા વચ્ચે બચાવવા પડતા તેઓને પણ આરોપીઓએ માર

મારી ઈજા પહોચાડેલ તથા આરોપી પ્રકાશ ગોહેલે તેણીને(રૂપલ)ને માથામા ધારીયુ મારતા તે નીચે પડી ગયેલી આરોપીઓ ગાળો બોલતા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. મને ઈજા થતા ખંભાત જનરલ હોસ્પીટલમા લઈ ગયેલા અને ત્યાથી વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પીટલમા લઈ ગયેલા. આમ ઈજાપામનાર સાહેદ રૂપલબેન પણ આંક–૪૨ વાળી ફરીયાદને સંપુર્ણ સમર્થન આપે છે અને બનાવ કઈ રીતે બનેલો અને કોણે શું મારેલુ તેની વિગતવાર હકીકતો તેની જુબાનીમા જણાવેલી છે અને કયા આરોપી પાસે શું હથીયાર હતુ તથા કોણે કોને શું મારેલુ તે તમામ હકીકત તથા મુદ્દામાલ હથીયારો અને આરોપીઓને પણ ઓળખી બતાવે છે.

**(૨૦)** આ કામે ફરીયાદપક્ષે આંક–૪૮ થી સાહેદ સીમાબેન ભગવતસિંહ વાઘેલાને તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, બનાવ તા.૨૨–૦૬–૨૦૧૭નાં રોજ બનેલો આશરે બપોરના એકાદ વાગ્યાનો સુમાર હતો હું ઘરકામ કરતી હતી મારાભાઈ કિરણસિંહ અમારા ખુલ્લો પ્લોટ છે ત્યાં ઝાડ કાપતા હતાં મારાભાઈ કિરણસિંહે ક્રેન ભાડે મંગાવેલી તે વખતે બુમો પાડતા પાડતા રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, ભાનુ મફત ચૌહાણ, પ્રકાશ રામસિંહ ગોહેલ, સુરેશ રામસિંહ ગોહેલ, નરેન્દ્ર રામસિંહ ગોહેલ, કનુ શના ઠાકોર, કલ્પેશ કનુભાઈ ઠાકોર આવેલા અને મારાભાઈને મારતા હતાં. જેથી અમો બધા દોડીને ત્યાં ગયેલા ત્યારે મારી બહેન રૂપલબેન મારાભાઈને છોડાવવા ગયેલા ત્યારે પ્રકાશ રામસિંહ ગોહેલે મારી બહેનને માથામાં ધારીયુ મારેલુ ત્યારે હું તથા મારી બહેન રેણુ મારાભાઈને છોડવવા માટે પડેલી તો ત્યારે રામસિંહ પ્રભાતસિંહે મને તથા રેણુને બરડાના ભાગે પાઈપ મારેલી. ત્યારે પ્રકાશ રામસિંહે પાઈપથી મને બરડામાં મારેલુ ત્યારે મારી બહેન મીતા ઉર્ફે મિતલ આવેલી તો તેને સુરેશભાઈ રામસિંહે બરડામાં પાઈપ મારેલી. ત્યારે મારા બા–બાપુજી આવેલા ત્યારે નરેન્દ્ર રામસિંહ ગોહેલે મારી બાને આંખમાં લાકડાંનો ડંડો મારેલો અને મારા બાપુજીને કનુભાઈ શના તથા ભાનુ મફત ચૌહાણે ગડદાપાટુનો માર તથા લાતો મારેલી. મને જે ઈજા થયેલી તેની મેં ગામમાં સારવાર કરાવેલી. બનાવ

સંબંધી મારાભાઈ કિરણસિંહે ફરિયાદ આપેલી પોલીસે મારી પૂછપરછ કરી મારો જવાબ લીધેલો.''

**(૨૧)** આ કામે ફરીયાદપક્ષે આંક–૪૯ થી સાહેદ ભગવતસિંહ ગાંડાભાઇ વાઘેલાને તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, બનાવ તા.૨૨–૦૬–૨૦૧૭નાં રોજ બપોરના બારથી એકનો સમય હતો તે વખતે હું મારા ઘરના આંગણામાં બેઠો હતો લીમડાનુ ઝાડ દક્ષિણ દિશામાં નમી ગયેલુ જેથી અમોએ ક્રેન મંગાવેલી આ ઝાડ કાપવા બાબતે મારા દિકરાં કિરણસિંહે મામલતદારની મંજૂરી લીધેલી. કેન આવી તે વખતે રામસિંહ તથા તેમનો દિકરો લાલો ઉર્ફે સુરેશ તથા પ્રકાશભાઈ તથા પોપટભાઈ તથા રામસિંહના માસીનો દિકરો બુધાભાઈ આ લોકો હથિયાર લઈ બુમો પાડતા ઝઘડો કરવા માટે આવેલા. રામસિંહના હાથમાં લોખંડની પાઈપ હતી પ્રકાશના હાથમાં ધારીયુ હતુ સુરેશના હાથમાં લોખંડની પાઈપ હતી અને નરેન્દ્રસિંહના હાથમાં લાકડાંનો ડંડો હતો અને બુધાભાઈના હાથમાં લાકડાંનો ડંડો હતો તથા કનુભાઈના હાથમાં લાકડાંનો ડંડો હતો અને કલ્પેશના હાથમાં લોખંડની પાઈપ હતી. મારા દિકરા કિરણસિંહને મારવા આવેલા ત્યારે મારી બન્ને દિકરી સીમા તથા રેણુ બચાવવા આવી પડેલા જેથી રામસિંહે લોખંડની પાઈપથી રેણુબેન તથા સીમાબેનને શરીરના ભાગે મારેલી ત્યારે મારી દિકરી રૂપલબેન છોડાવવા પડતા તેને માથામાં પ્રકાશે ધારીયુ મારેલુ જેથી હું બેઠો હતો ત્યાંથી ઉઠીને ત્યાં નજીક ગયેલો ત્યારે મેં કહેલ કે મારી દિકરીને મારી નાંખેલ ત્યારે બુધાભાઈએ મને લાકડાંનો ડંડો કમરથી નીચેના ભાગે મારેલો જેથી હું નીચે બેસી ગયેલો ત્યારે પોપટભાઈ તથા કનુભાઈએ તથા તેમના દિકરાએ મને કમરમાં તથા બરડામાં લાતો મારેલી મારી દિકરી મીતાબેનને સુરેશભાઈએ લોખંડની પાઈપ બરડામાં મારેલી મને જયારે ઈજા કરેલી ત્યારે મારી પત્નિ આવી પહોચેલી અને વચ્ચે આડા પડવાથી પોપટે જમણી બાજુ આંખના ભાગે મારેલુ મારી દિકરી રૂપલને ઈજા થતી ખંભાત જનરલ હોસ્પિટલમાં ૧૦૮માં લઈ ગયેલા. ત્યારબાદ તેને આણંદ દવાખાને લાવેલા મેં કોઈ સારવાર કરાવેલ નહીં.''

**(૨૨)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૬ થી સાહેદ નિતાબેન ભગવતસિંહ વાઘેલાને તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, તા.૨૨/૦૩/૨૦૧૭ ના બપોરના ૧ વાગ્યાની આસપાસ અમારા ૧ થી ૪ નંબરના પ્લોટમાં લીમડાતું ઝાડ હતું તે પડી જાય તેમ હતુ જેથી મારા ભાઈ કિરણસિહે તેને દુર કરવા મામ.શ્રીની મંજૂરી. લીધેલી અને મારા ભાઈએ લીમડો પાડવા માટે ભાડેથી કેન બોલાવેલી અને ક્રેનથી લીમડો પાડતા હતા તે વખતે રામસિંહ પ્રભાતસિંહ, પ્રકાશ રામસિંહ, સુરેશ રામસિંહ, નરેન્દ્ર ઉર્ફે પોપટ રામસિંહ, ભાનુ મફત ચૌહાણ, કનુ શના ઠાકોર અને કલ્પેશ કનુ ઠાકોરનાઓ મોટે મોટેથી ગાળો બોલતા બોલતા આવેલા અને કહેતા હતા કે આ લીમડો પાડવાનો નથી તો મારા માઈએ કીધેલું કે લીમડો આડો પડી ગયેલો છે જેથી પાડી નાખવો પડે અને આ બધા લોકો મારા ભાઈ કિરણસિંહને લાકડી તેમજ લોખંડની પાઈપથી મારતાં હતા અને તે વખતે મારી બેન ઉષા ત્યાં મોગલ માતાજીનું સ્થાનક છે ત્યાં નજીકમાં પ્રસાદ ધરાવતા હતા અને તે વખતે મારા બેને જોયેલ કે આ લોકો મારા ભાઈને મારતા હતાં તેથી તે દોડીને ત્યાં છોડાવવા માટે ગયેલી તે વખતે પ્રકાશ રામસિંહના હાથમાં ધારીયું હતું તે ધારીયું મારી બહેનને માથાના ભાગે મારી દીધેલું અને આ બનાવ અમે ત્રણ બહેનોએ પણ જોયેલો હોય જેથી અમે દોડીને ત્યાં ગયેલા તે વખતે સુરેશ રામસિહ ગોહેલનાઓએ મને બરડામાં લોખંડની પાઈપ મારેલી અને કનુ શના તથા ભાનુ મફતનાઓએ મને પાઈપ મારેલી. મારી બહેન રેણુ તથા સીમાને રામસંગ પ્રભાતસંગનાઓએ લોખંડની પાઈપ પાછળ બરડાના ભાગે મારેલી અને મારા બા– બાપુજીને નરેન્દ્ર ઉર્ફે પોપટ ગોહેલ, કનુ શના ઠાકોર અને ભાનું મફત ચૌહાણ અને કલ્પેશ કનુ ઠાકોરનાઓએ પાઈપ તથા લાકડીઓ વડે માર મારેલો. મારી બહેન ઉષા લોહીલુહાણ થઈને નીચે પડી ગયેલી અને તે વખતા આરોપીઓએ ધમકી આપેલી કે આજે તો બચી ગયા ફરીથી જાનથી મારી નાખીશું''

**(૨૩)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૮ થી સાહેદ રેણુબેન ભગવતસિંહ

વાઘેલાને તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે,"તા.૨૨/૦૬/૨૦૧૭ ના બપોરના એક વાગ્યાની આસપાસ અમારા ખુલ્લા પ્લોટોમા લીમડાનુ ઝાડ હતુ જે લીમડાનુ ઝાડ નમીને પડી ગયુ હતુ જેથી મારા ભાઈ કીરણસિંહનાઓ ક્રેઈન ભાડે મંગાવીને તે ઝાડ એક તરફ ખસેડાવતા હતા તે વખતે રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ,પ્રકાસસિંહ રામસિહ ગોહેલ,નરેન્દ્ર પોપટ ગોહેલ, સુરેશ ગોહેલ,ભાનુ મફત ચૌહાણ,કનુ શના ઠાકોર, કલ્પેશ કનુ ઠાકોર નાઓ બુમો પાડતા પાડતા ગાળો બોલતા બોલતા ત્યા આવેલા હતા તે વખતે મારી બહેન રુપલબેન ત્યા મંદીરે પ્રસાદ ધરાવતા હતા તે વખતે આ બધા મારા ભાઈને મારવા લાગેલા પ્રકાશસિંહ રામસિંહના હાથમાં ધારીયુ હતુ અને રુપલબેન મારા ભાઈને છોડાવવા જતા પ્રકાશસિંહ ગોહીલે તેમના હાથમાનુ ધારીયુ મારી બહેન રુપલને માથાના ભાગે મારી દીધેલુ જેથી મારી બહેન રુપલ ત્યા પડી ગયેલી આ બુમાબુમ થતા અમો પણ ઘરમાથી સ્થળ ઉપર ગયેલા.હુ તથા મારી બહેન મીતા તથા સીમાબેન મારા ભાઈને છોડાવવા જતા રામસિંહ ગોહેલના હાથમાં પાઈપ હતી જે પાઈપ મને બરડાના ભાગે તેમજ જમણા પગના સાથળે તથા જમણા હાથના પંજા ઉપર મારી દીધેલ તેમજ સીમાબેનને બરડાના ભાગે મારી દીધેલ.મારી બહેન મીતાબેનને સુરેશ ગોહેલે લોખંડની પાઈપ બરડાના ભાગે મારી દીધેલી.મારા બા બાપુજીને કનુ શનાએ લાકડાના ડંડાથી,પોપટ ગોહેલે લાકડાના ડંડાથી,ભાનુ મફતે લાકડાના ડંડાથી,કમલેશ ઠાકોરે લોખંડની પાઈપથી મારી દીધેલ.મારી ભાભી કિષ્નાબેનને કમલેશ ઠાકોરે પેઢામા લાત મારેલી.''

**(૨૪)** આ કામે ફરીયાદપક્ષે આંક–૫૯ થી સાહેદ ક્રિષ્નાબેન કિરણસિંહ વાઘેલાને તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, તા.૨૨/૦૬/૨૦૧૭ ના રોજ બપોરના એકાદ વાગ્યે લીમડાનુ ઝાડ કે જે અમારા ખુલ્લા પ્લોટમાં હતુ તે નમી ગયેલ હતુ જેથી મારા પતિએ ભાડે ક્રેઈન મંગાવીને તેને સરખુ કરાવતા હતા તે વખતે પ્રકાશ રામંસગ ગોહીલ,રામસંગ પ્રભાતસિંહ ગોહીલ,ભાનુભાઈ મફતભાઈ ચૌહાણ,કનુભાઈ શનાભાઈ

ઠાકોર,સુરેશ રામસંગ ગોહીલ, નરેન્દ્ર રામસિંહ ગોહીલ,કમલેસ કનુભાઈ શનાભાઈ ઠાકોરનાઓ ત્યા આવેલા અને મારા પતિને આ બધા લોકો મારવા લાગેલા તે વખતે મારા નંણદ ઉષાબા ત્યા માતાજીના મંદીરે પ્રસાદ ધરાવતા હતા તે વચ્ચે પડતા પ્રકાશસિંહ રામસિંહનાએ મારા નણંદ ઉષાબેનને માથાના ભાગે ધારીયુ મારેલુ.રામસિંહ પ્રભાતસિંહ ગોહીલે મારા નણંદ સીમાબેનને બરડાના ભાગે લોખંડની પાઈપ મારેલી તેમજ રેણુબેનને પણ બરડાના ભાગે લોખંડની પાઈપ મારેલી.સુરેશ રામસિંહ ગોહીલે મિતાબાને બરડાના ભાગે લોખંડની પાઈપ મારેલી.નરેન્દ્ર રામસંગ ગોહીલ,કનુ શના ઠાકોર, મફતભાઈ ચૌહાણનાઓ લાકડાના ડંડા તેમજ લોખંડની પાઈપ વડે મારતા હતા તે વખતે હુ પણ ત્યા ગયેલી મને કલ્પેશ કનુ શનાએ પેઢાના ભાગે લાત મારેલી તેથી મને કચ્ચર માર વાગેલો.''

**(૨૫)** આ કામે ફરીયાદપક્ષે આંક–૬૨ થી સાહેદ સજજનબેન ભગવતસિંહ વાઘેલાને તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, બનાવ તા.૨૨/૦૬/૨૦૧૭ ના રોજ અમારા ઘર પાસે દિવસે ૧ વાગ્યાની આસપાસ બનેલો. મારી દિકરી રૂપલ ઉર્ફે ઉષા માતાજીનું મંદિર છે ત્યાં પ્રસાદ ધરાવતી હતી. અમારા ખેતરમાં જે ખુલ્લા પ્લોટો આવેલા છે ત્યાં લીમડાનું ઝાડ નમી ગયેલું હોય જેથી મારા દિકરી કિરણસિહે મામલતદારશ્રીમાં આ નમી ગયેલા ઝાડને ખસેડવા માટે અરજી આપેલ અને મારા દિકરા કિરણસિહે ભાડેથી ક્રેન મંગાવેલી હતી. હું આ સમયે મારા ઘરના આંગણામાં બેઠી હતી એ વખતે બૂમાબુમ કરતાં અને મારો મારો કરતાં મારી દિકરી જ્યાં પ્રસાદ ધરાવતી હતી તેની નજીકમાં પ્રકાશભાઈ રામસિંહ હાથમાં ધારીયુ લઈને, રામસિંહ પ્રભાતસિંહ હાથમાં લોખંડની પાઈપ લઈને, સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ હાથમાં લોખંડની પાઈપ લઈને, નરેન્દ્ર ઉર્ફે પોપટ હાથમાં લાકડાનો ડંડો લઈને બુધાભાઈ ચૌહાણ હાથમાં લાકડાનો ડંડો લઈને, કનુભાઈ સનાભાઈ હાથમાં લાકડાનો ડંડો લઈને,અલ્પેશભાઈ કનુભાઈ હાથમાં લોખંડની પાઈપ લઈને વિગેરેનાઓ આવી ગયેલા અને પ્રકાશભાઈ રામસિંહ તેમના હાથમાનું ધારીયું મારા દિકરા

કિરણસિંહને મારવા જતાં મારી દિકરી રૂપલ ઉર્ફે ઉષાએ પ્રકાશભાઈને તેના ભાઈને ના મારવાનું કહેતાં પ્રકાશભાઈએ તેમના હાથનું ધારીયું મારી દિકરી રૂપલ ઉર્ફે ઉષાને મારી દીધેલું જેથી મારી દિકરી રૂપલ ઉર્ફે ઉષા પડી ગયેલી અને રામસિહભાઈ પ્રભાતસિંહ ભાઈએ એમના હાથમાંની લોખંડની પાઈપ મારી દિકરી સીમાને બરડાના ભાગે મારેલ તથા મારી બીજી દિકરી રેણુબેનને જમણા પગે ગોંઠણની ઉપર સાથળના ભાગે તથા જમણા હાથે લોખંડની પાઈપ મારેલ તથા સુરેશ ઉર્ફે લાલો રામસિહે તેના હાથમાની લોખંડની પાઈપ મારી દીકરી મિતા ઉર્ફે નીતાને બરડાના ભાગે મારેલી તથા હું બેઠેલી ત્યા મને નરેન્દ્ર ઉર્ફે પોપટે તેના હાથમાનો લાકડાનો ડંડો જમણી આંખની નીચે તથા જમણા હાથ ઉપર મારેલો તથા બુધાભાઈએ તેમના હાથમાનો ડંડો મારા પતિને કેડ ઉપર મારેલ તથા કનુભાઈ સનાભાઈએ તેમના હાથમાનો લાકડાનો ડંડો મને તથા મારા પતિને મારેલ તથા અલ્પેશ કનુભાઈએ તેમના હાથમાંની લોખંડની પાઈપ મારા દિકરાની વહુ કિષ્નાને મારેલ અને આ બધા કહેતા હતા કે હવે પછી તમે બચશો નહી તમને જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપેલી.''

આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ તરીકે આંક-૪૮ થી સીમાબેન ભગવતસિંહ વાઘેલાને તપાસેલા છે કે જેઓ ફરીયાદીના બહેન થાય છે. સાહેદ નં.૧૩ થી ભગવતસિંહ ગાંડાભાઇ વાઘેલાને આંક-૪૯ થી તપાસેલા છે કે જેઓ ફરીયાદીના પિતા થાય છે. સાહેદ નં.૧૪ થી નીતાબેન ભગવતસિંહ વાઘેલાને આંક-૫૬ થી તપાસવામા આવેલા છે કે જેઓ ફરીયાદીના બહેન થાય છે.સાહેદ નં.૧૫ થી રેણુબેન ભગવતસિંહ વાઘેલાને આંક-૫૮ થી તપાસેલા છે કે જેઓ ફરીયાદીના બહેન થાય છે. સાહેદ નં.૧૬ થી ક્રીષ્નાબેન કિરણસિંહ વાઘેલાને આંક-૫૯ થી તપાસેલા છે. કે જેઓ ફરીયાદીના પત્ની થાય છે. જયારે સાહેદ નં.૧૭ થી સજ્જનબેન ભગવતસિંહ વાઘેલાને આંક-૬૨ થી તપાસેલા છે કે જેઓ ફરીયાદીના માતા થાય છે. આ તમામ સાહેદો બનાવ તારીખે સમયે ત્યા હાજર હતા અને તેઓએ એક સુરે એવુ જણાવે છે કે, તેઓના ઘરની બાજુમા ખુલ્લા પ્લોટમા લીમડાનુ ઝાડ નમીને પડી ગયેલ હતુ તેને ખસેડવા માટે ક્રેન બોલાવેલી તે વખતે આ કામના તમામ આરોપીઓ એકસંપ થઇ હથીયાર ધારણ

કરી આવેલા અને ફરીયાદી કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા પર હુમલો કરતા તેઓ છોડાવવા વચ્ચે પડેલા તે વખતે તેઓ તમામને આરોપીઓએ ધારીયા, લોખંડના પાઈપો, લાકડીઓ તથા ઢીકાપાટુનો માર આરોપીઓએ મારેલ અને આ ઝાડ કેમ ખસેડો છો તેમ કહી ઝઘડો કરી નાલાયક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ જે બનાવમા તે તમામને ઈજાઓ થતા તેઓએ સરકારી હોસ્પીટલમા સારવાર લીધેલી અને પોલીસે તેમની પુછપરછ કરી નિવેદનો લીધેલા તથા ફરીયાદ બનાવના તે જ દિવસે તેમના ભાઈ કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા નાઓએ આપેલી અને આ રીતે તમામ સાહેદોએ આંક–૪૨ વાળી ફરીયાદને સંપુર્ણ સમર્થન કરે છે તથા કયાં આરોપીઓએ શાનાથી તેઓને કયાં ઈજા પહોચાડેલી તે તમામ હકીકત વિગતે જણાવે છે અને કોની પાસે કયુ હથીયાર હતુ તથા કયાં આરોપીએ કયા સાહેદને શું મારેલુ તે તમામ હકીકતો તેમની જુબાનીમા વિગતે જણાવેલી છે અને મુદ્દામાલ હથીયાર તથા આરોપીઓને ઓળખી બતાવે છે આ રીતે તમામ સાહેદો ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન કરે છે.આ તબ્કકે એ હકીકત નોંધવા પાત્ર છે કે, ફરીયાદપક્ષે ઉપરોકત તમામ સાહેદો, ફરીયાદીના કુટુંબીક તથા સગા થાય છે પરંતુ તેઓ પણ ઈજાપામનાર છે. જયારે બનાવનુ સ્થળ ફરીયાદીના ઘરની સામે હોય ત્યારે ત્યાં ફરીયાદીના ઘરના સભ્યો હાજર હોય તે હકીકત માનવા યોગ્ય છે તેથી પણ ફકત ઉપરોકત સાહેદો ફરીયાદીના સગા હોય તેટલા માત્ર થી ફરીયાદપક્ષનો પુરાવો ડીસ્કાર્ડ કરી શકાય નહી.

**(૨૬)** આ કામે ફરીયાદપક્ષે આંક–૬૪ થી સાહેદ દિનેશભાઈ ચિમનભાઈ પ્રજાપતિ ને તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, તા.૨૨/૦૬/૨૦૧ ના રોજ બપોરના એકાદ વાગ્યાની આસપાસ હું મારી ક્રેન લઈને વટાદરા ગામે ભગવતસિંહ ગાંડાભાઈ વાઘેલાના ઘર પાસે મંદિર આવેલું છે ત્યાં એક લીમડાનું ઝાડ નમી પડેલું હતું તેને ક્રેનથી ઊંચકીને સાઈડમાં મુકવા માટે ગયેલો. તે વખતે હું મારી ક્રેનથી ઝાડને બાંધવાની પ્રક્રિયા કરતો હતો ત્યારે રામભાઈ તેમનો દિકરો પ્રકાશ તથા લાલો, પોપટ, બુધાભાઈ, કનુભાઈ

તથા કનુભાઈનો દિકરો ત્યાં ધારીયા અને લાકડીઓ લઈને આવતા હતા અને ગાળો બોલતા હતા તે વખતે ભગવતસિંહ ગાંડાભાઈની ચાર દિકરીઓ તથા કિરણભાઈ તથા ભગવતસિંહના પત્ની સજનબેન તથા કિરણભાઈના પત્ની ક્રિષ્નાબેન મારી ક્રેન પાસે આવીને ઊભા હતાં ત્યારે રામભાઈ સાથે આવેલા તમામ લોકો મારી ક્રેન પાસે આવેલા અને પ્રકાશભાઈએ તેના હાથમાંનું ધારીયું ઉષાબેનને માથાના ભાગે મારી દીધેલું, ભગવતસિંહ તથા કિરણભાઈનાઓને બુધાભાઈ, પોપટભાઈ, કનુભાઈ વિગેરેનાઓએ પાઈપ અને લાકડીઓ લઈને માર મારતાં હતા. તે વખતે ત્યાં ઉષાબેન ઢળી પડેલા અને બેભાન થઈ ગયેલા અને તેઓને માથામાંથી લોહી નિકળતું હતું. રેણુબેન, નિતાબેન, સીમાબેન તથા ક્રિષ્નાબેન નાઓને પણ મારા મારેલ ઉપરોક્ત ઈસમોમાંથી કોણે મારેલું તે મને હાલ યાદ નથી.બનાવ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સને કોઈકે ફોન કરતાં ૧૦૮ એમ્બ્યુલન્સ સ્થળ ઉપર આવી ગયેલી અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઉષાબેનને દવાખાને લઈ ગયેલ.''

સદર સાહેદ ફરીયાદપક્ષના એક માત્ર સ્વતંત્ર સાહેદ છે કે જેઓ ફરીયાદી કિરણસિંહ ભગવતસિંહ વાઘેલાને જે લીમડાનુ ઝાડ કોમન પ્લોટમા પડી ગયેલ તેને ખસેડવા માટે ક્રેન સાથે બોલાવેલા અને બનાવના દિવસે સમયે અને સ્થળે તેઓ જયારે ઝાડને ક્રેનથી બાંધવાની પ્રક્રિયા કરી રહયા હતા ત્યારે રામભાઇ તેમનો દિકરો તથા લાલો, પોપટ, બુધાભાઇ,કનુભાઈ તથા કનુભાઇનો દિકરો ત્યાં ધારીયા, લોખંડના પાઇપ લઇને આવેલા અને ગાળો બોલતા હતા તે વખતે ફરીયાદીની ચાર બહેનો તથા તેમના પિતા તથા માતા અને તેમની પત્ની નાઓ પણ ત્યાં આવીને ક્રેન પાસે ઉભા રહેલા ત્યારે પ્રકાશભાઇએ તેના હાથ માનુ ધારીયુ રૂપલબેન ઉર્ફે ઉષાબેનને માથાના ભાગે મારી તથા ભગવતસિંહ તથા કિરણસિંહ નાઓને બુધાભાઇ, પોપટભાઇ તથા કનુભાઇ વિગેરેનાઓએ પાઇપ થી માર મારતા હતા તે વખતે ઉષાબેન બેભાન થઇ ગયેલા તેઓને માથા માંથી લોહી નીકળતુ હતુ અને રેણુબેન, નીતાબેન તથા ક્રિષ્નાબેન નાઓને ઉપરોકત ઇસ્મોએ માર મારેલ. ત્યારબાદ બનાવ સ્થળે ૧૦૮ એમ્બયુલન્સ આવેલી અને તેઓને ત્યાંથી દવાખાને લઇ ગયેલા. તે બનાવની ફરીયાદ કિરણસિંહ વાઘેલાએ

આપેલી અને પોલીસે મારો જવાબ લીધેલો. સાહેદ મુદ્દામાલ ધારીયુ, પાઇપ તથા લાકડીને ઓળખી બતાવે છે અને તમામ આરોપીઓને પણ ઓળખી બતાવે છે કે જે બનાવ સ્થળે હથીયાર સાથે હાજર હતા.

આમ ફરીયાદી, ઇજાપામનાર તથા સાહેદોની જુબાની વંચાણે લેતા તે તમામ બનાવ તારીખે સમયે અને સ્થળે કોમન પ્લોટ પરથી લીમડાનુ ઝાડ પડી ગયેલ તેને હટાવવાની કામગીરી કરી રહેલા હતા ત્યારે આ કામના તમામ આરોપીઓએ તેમના હથીયાર ધારીયા, પાઇપ અને લાકડીઓ લઇને આવેલા અને ગાળો આપી હુમલો કરી માર મારેલ. જેમા ફરીયાદી તથા તેમની બહેન ઉષાબેન અને તેમની પત્ની અને મા-બાપને ઇજા થયેલ અને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપેલ તે બાબતની આંક-૪૨ વાળી ફરીયાદ તેઓએ પોલીસ સમક્ષ આપેલી અને તે જ દિવસે સરકારી દવાખાનામા સારવાર લીધેલાની તમામ હકીકતને તેઓ સંપુર્ણ સમર્થન કરે છે. આ તમામ સાહેદોની ઉલટતપાસ તરફ બચાવપક્ષના વિ.વકીલશ્રી પંડયા જેઓએ તફાવત કે વાંધા બાજુ ધ્યાન દોરેલ છે. તેનાથી ફરીયાદપક્ષનો કેસ ન માનવાને કોઇ કારણ નથી અને એવી કોઇ પ્રબળ શંકા ઉદભવી શકેલ નથી કે જેનાથી ફરીયાદપક્ષના કેસને ન માની શકાય સાથે સાથે બચાવપક્ષના વિ.વકીલશ્રી પંડયા સીવીલ લીટીગેશન તરફ ધ્યાને દોરેલ છે તથા બનાવવાળો જે લીમડો પડેલ તે કોમન પ્લોટ છે અને તેની આ કામના ફરીયાદી પોતાની માલીકીનો ગણાવે છે તે બાબતની તકરાર સીવીલ કોર્ટમા ચાલે છે તેના તરફ પણ ધ્યાને દોરેલ છે.પરંતુ તેનાથી તો ફરીયાદી અને આરોપીઓને કોમન પ્લોટ બાબતે તકરાર ચાલી આવેલાનુ પુરવાર થાય છે અને તેના કારણે જ બનાવ દિવસે જયારે ફરીયાદી કોમન પ્લોટ પરથી લીમડાનુ ઝાડ ખસેડી રહયા હતા ત્યારે તમામ આરોપીઓ એકસંપ થઇ હથીયારો ધારણ કરી ન લીમડો ન ખસેડવા બાબતે ફરીયાદી તથા તેમના પરીવારને ગાળો આપી હુમલો કરી ઇજા પહોચાડી તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલાની હકીકતને સમર્થન મળે છે. આમ બચાવપક્ષને તેની લેખીત તથા મૌખિક દલીલોમા સામાન્ય હકીકતો બાબતે જે આ અદાલતનુ ધ્યાન દોરેલ છે તેનાથી ફરીયાદપક્ષના કેસને કોઇ નુકશાન થતુ નથી અને ઉલટાનુ આ કામને સમર્થન

મળે છે.

**(૨૭)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૨૦ તરીકે હિતેષકુમાર જશભાઇ મકવાણા ને આંક–૭૧ થી તપાસવામા આવેલા છે કે જેઓ નાયબ મામલતદાર છે અને બનાવ તા.૧૪/૦૬/૨૦૧૭ થી તા.૨૮/૦૬/૨૦૧૭ સુધી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ આર.જી. જાડેજાએ ગુજરાત પોલીસ અધીનીયમની કલમ–૩૭(૩) મુજબ હથીયાર બંધીનુ જાહેરનામુ જાહેર કરેલુ તે હકીકતને સમર્થન આપે છે અને તેને આંક–૭૨ થી આ કામે રજુ કરે છે. આમ બનાવ સમયે હથીયારબંધીને જાહેરનામુ અમલમા હતુ તે હકીકત પણ ફરીયાદપક્ષ પુરવાર કરવામા સફળ થયેલ છે.

**(૨૮)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૯ તરીકે ધનંજય મગનભાઇ પટેલને આંક–૬૭(એ) થી તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે,''તા. ૨૨/૬/૧૭ ના રોજ ખંભાત રુરલ પોલીસ સ્ટેશેનના ફ.ગુ.ર.નં. ૩૧/૧૭ ના કામે મોજે વટાદરા કોટડીયા વિસ્તાર તા. ખંભાત મુકામે ગુનાવાળી જગ્યાની તપાસણી કરવા સારુ વાયરલેશ મેસેજ મેલ હતો, જેના આધારે હુ તા. ૨૩/૬/૧૭ ના રોજ ખંભાત રુરલ પોલીસ સ્ટેશન ગયેલો,આ ગુનાના તપાસ અધીકારી શ્રી વી.બી ચૌધરીનાઓની સાથે હુ ગુનાવાળી જગ્યા કોટડીયા વિસ્તાર વટાદરા ખાતે ખુલ્લા કાચા રસ્તાવાળી જગ્યાએ ગયેલો, તેઓએ મને આ ગુનાની સંપુર્ણ હકીકત જણાવેલ હતી, ગુનાવાળી જગ્યાએ જોતા કોટડીયા વિસ્તારમાં આવવાના મુખ્ય રસ્તા ઉપર માટીવાળા ભાગમાં આશરે એક ફુટના ઘેરાવાનુ સુકાયેલ લોહી વાળુ ધાબુ જણાયેલ હતુ, ત.ક.અધીકારીએ સદર જગ્યાએથી અગાઉ (૧) લોહીવાળી માટી (ર) કંટ્રોલ માટીના નમુનાઓ તપાસણી અર્થે કબજે લીધેલ હતા. સદર જગ્યા અને આજુબાજુ તપાસણી કરતા કોઈ નોંધપાત્ર ચીજવસ્તુ મળી આવેલ નહી. આરોપી જેણે ભોગ બ નનારને ધારીયાથી મારેલ તેના જે તે વખતના કપડાઓ તથા આરોપીનુ મારક હથીયારને કબજે લઈ વધુ તપાસાર્થે અમદાવાદ એફ.એસ. એલમાં ઉપરોકત નમુનાઓ મોકલવા આઈ. ઓ ને જરૂરી સુચન કરેલ "

સાહેદ વધુમા જણાવે છે કે, બનાવના દિવસે તેમને રૂરલ પોલીસ સ્ટેશન ખંભાત તરફથી ગુનાવાળી જગ્યાની તપાસણી કરવા વાયરલેશ મેસેજના આધારે જગ્યાએ ગયેલા ત્યા જઇને નિરીક્ષણ કરતા મુખ્ય રસ્તા ઉપર માટી આવેલ ભાગમા એક સુકાય ગયેલ લોહીવાળુ ધાબુ જણાયેલ જે તપાસ કરનાર અધિકારીને લોહી વાળી માટી તથા કંટ્રોલ માટીની તપાસ અર્થે કબજે લેવા જણાવેલ તથા આરોપીએ ભોગબનનારને ધારીયાથી મારેલ અને તેના જે તે વખતના કપડા તથા મારક હથીયારને કબજે લઇ તપાસ અર્થે એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલવા સુચના કરેલ અને તે સ્થળ સ્થિતીનો અહેવાલ તેઓએ તૈયાર કરેલ જે આંક–૬૮ થી રેકર્ડમા રજુ છે જે તમામ હકીકતને તેઓએ સમર્થન આપે છે.

**(૨૯)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૨૧ થી તપાસ કરનાર અમલદાર વિનોદભાઇ બાબુભાઇ ચૌધરીને આંક–૭૩ થી તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, તેઓ બનાવ સમયે ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી કિરણસિંહ ભગવતસિંહ વાઘેલાનઓ તેમની રૂબરૂ આવીને ફરીયાદ હકીકત જાહેર કરેલી જે તેઓએ તેમના રાઇટર પાસે ટાઇપ કરાવી ફરીયાદીને ફરીયાદ વંચાવી અને તેમની ઉપર તેમની સહી લીધેલ અને આ રીતે ફરીયાદ રજીસ્ટર કરેલ તથા સ્પેશીયલ રીપોર્ટ લાગતા વળગતા અધીકારીઓને કરેલો અને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા આરોપીઓ વિરૂધ્ધ ધરપકડ કરવા જેટલો પુરાવો મળી આવતા આરોપીઓના શરીર સ્થિતી અને હથીયાર રીકવરીના પંચનામા કરી આરોપીઓની ધરપકડ કરેલ તે તમામ હકીકતને તેઓ સમર્થન આપે છે તથા ઈજાપામનર રૂપલબેન ઉર્ફે ઉષાબેનનાઓને બનાવ સમયે પહેરેલ કપડા કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા નાઓએ પંચોની હાજરીમા રજુ કરતા તપાસ અર્થે કબજે લીધેલા અને એફ.એસ.એલ અધિકારીને હાજર રાખી ગુનાવાળી જગ્યાનુ સ્થળ પરીક્ષણ કરાવડાવી અને રીપોર્ટ તૈયાર કરાવડાવી ઈજાના સર્ટીફીકેટ મેળવેલા. અધિક

જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેર નામાની નકલ મેળવેલ તથા મુદ્દામાલ કબ્જે કરેલો અને જે એફ.એસ.એલ ખાતે મોકલી આપેલ અને આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલાનુ તેઓ જણાવે છે. આમ તેઓએ તપાસ દરમીયાન જે કાર્યવાહી કરેલી તે તથા જે પત્ર વ્યવહારો કરેલા તપાસ સબંધીત તથા એફ.એસ.એલ સબંધીત તે તમામ દસ્તાવેજોને ઓળખી બતાવે છે અને જેને આંક–૭૪ થી આંક–૮૫ આપવામા આવેલ છે. આમ તપાસના કામે ગુના સંબધીત ફરીયાદ રજીસ્ટર કરવાથી લઇ અને સાહેદોની સારવાર તથા એફ.એસ.એલ ની કાર્યવાહી તથા મુદ્દામાલ રીકવર કરવા અને આરોપીઓની ધરપકડ કરવા વિગેરે તમામ કાર્યવાહીને તેઓ સમર્થન કરે છે તથા તેઓએ ગુનાવાળી જગ્યા તથા મુદ્દામાલ રીકવર પંચનામા તથા એફ.એસ.એલનો અભિપ્રાય મેળવવાથી લઇ જે કામગીરી કરેલી તે તમામને સમર્થન કરે છે અને મુદ્દામાલ તથા આરોપીઓને ઓળખી બતાવે છે.

ઉપરોકત સાહેદ કે જેઓ તપાસ કરનાર અધિકારી છે તેઓએ તેમની ઉલટતપાસના પેરા–૧૩ મા આરોપીઓએ ક્રોસ ફરીયાદ આપેલી અને તેમા ચાર્જશીટ કરવામા આવેલુ તે હકીકતને પણ સમર્થન આપે છે. ઉલટતપાસના પેરા–૧૬ મા આરોપી સુરેશ અને આરોપી ભાનુભાઇ તરફે બનાવ સમયે તે ઘટના સ્થળે હાજર ન હતા તેવી હકીકત લાવવાનો પ્રયત્ન કરવામા આવેલ છે પરંતુ એ હકીકતને ત.ક.અમલદાર સ્પષ્ટપણે ઈન્કાર કરી દિધેલ છે અને બંને આરોપીઓ પણ બનાવ સમયે ત્યાં જ હતા તેવુ જણાવે છે. આમ ઉપરોકત તપાસ કરનાર અધિકારીએ બનાવ વાળી ફરીયાદ રજીસટર કરવાથી લઇને ચાર્જશીટ કરવા સુધી જે કામગીરી કરેલી તેનુ તેઓએ ખુબજ જીણવટપુર્વક તમામ હકીકતો તેમની જુબાનીમા જણાવેલ છે. તેમની જુબાનીથી પણ ફરીયાદ વાળો બનાવ બનેલાની હકીકત પુરવાર થાય છે.

(૩૦) આ કામે બચાવપક્ષે સાહેદ નં.૦૧ થી પરસોતમભાઇ ગોરધનભાઇ પટેલને આંક–૯૧ થી તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, વટાદરા ગામે બનાવ વાળી જગ્યા સર્વે નં.૮૫૩ ના મુળ માલીક

તેમના પિતા ગોરધનભાઈ લલ્લુભાઈ હતા અને તેઓએ તે જમીન બીજ ખેતી કરાવી પ્લોટોનુ વેચાણ કરેલ અને તે તમામ પ્લોટોના વેચાણ દસ્તાવેજ ફરીયાદી તથા આરોપીઓને કરી આપેલા ઉપરોકત પ્લોટોમા કોમન પ્લોટ હતો. જે ભગવતસિંહ એટલે કે ફરીયાદીના પિતાએ જે પ્લોટ ખરીદેલ તેની સામે આવેલ છે અને તે કોમન પ્લોટ તેમના પિતા ભગવતસિંહને વેચાણ કે વીલ થી આપેલ નથી. તે કોમન પ્લોટમા ભગવતસિંહ પુરા ભરતા તથા તેમજ જમીન તેઓએ ડેરા બનાવી દીધેલ.આ કોમન પ્લોટમા લીમડા ઉછેરવામા આવે છે પરંતુ ઉપરોકત સાહેદ તેમની ઉલટતપાસમા સર્વે નં.૮૫૩ ના પ્લોટનુ માપ શું હતુ કે કોમન પ્લોટ અંગે કોઈ દસ્તાવેજી પુરાવા તેમની પાસે છે તેમના આ સુચક પ્રશ્નના જવાબમા ના પાડેલ છે અને ઉપરોકત સાહેદની જુબાની વંચાણે લેતા પણ એ હકીકતને સમર્થન મળે છે કે ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે કોમન પ્લોટ બાબતે ઝઘડો ચાલી આવેલ.

**(૩૧)** આ કામે ફરીયાદપક્ષે આંક–૨૧ થી પંચ સાહેદ ભાઈલાલભાઈ મેલાભાઈ ઠાકોર ને તપાસવામા આવેલ છે.સાહેદ તેમની મૌખિક જુબાનીમા જણાવે છે કે, આ કામના પંચ સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે, ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનના કહેવાથી હું બનાવવાળી જગ્યાએ ગયેલો જે બનાવવાળી જગ્યા આ કામના ફરીયાદી કીરણસિંહ ભગવતસિંહ વાઘેલાએ બતાવી અને તે બનાવવાળી જગ્યા મોજે વટાદરા, કોટડીયા વાડ વિસ્તારમા સર્વે નં. ૮૫૩ વાળા ખેતરના પ્લોટના મુખ્ય રસ્તા પર છે અને તે જગ્યાનુ સ્થળ સ્થીતી ચતુરદિશા સહીતનુ પંચનામુ પોલીસે મારી રૂબરુ કરેલુ અને ગુના વાળી જગ્યાએથી લોહીનુ મોટુ ધાબુ પડેલ તે લોહી ફરીયાદીના જણાવ્ય મુજબ ઈજા પામનાર રૂપલબેનના માથામા આરોપી પ્રકાશના મારવાથી લોહી નીકળેલુ તે છે ત્યાથી ૧૦૦ ગ્રામ જેટલી માટી પોલીસે કબજે લીધેલી અને સીલ કરી પંચોની સહી સાથે કબજે લીધેલ હોવાનુ જણાવે છે. આમ ઉપરોકત પંચ સાહેદ ગુન્હાવાળી જગ્યા અને તેની ચતુરદિશા સહીતની હકીકતમા વિગતવાર સમર્થન કરે છે અને તે રીતે આંક–૧૮ વાળા પંચનામા પર તેની સહી હોવાનુ કબુલ રાખે

છે આમ ફરીયાદપક્ષ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર કરવામા સફળ થયેલ છે.

**(૩૨)** ફરીયાદપક્ષે જે મૌખિક પુરાવા રજુ કરેલ છે તેમા નીચે મુજબના સાહેદોને **ફરી ગયેલા (હોસ્ટાઇલ)** જાહેર કરવામા આવેલ છે.

**(૩૩)** ફરીયાદપક્ષે આંક–૧૭ થી રમેશભાઇ હરીભાઇ પટેલ કે જેઓ **આંક–૧૮ ના ગુનાવાળી જગ્યા**ના પંચ સાહેદ છે તેઓ જણાવે છે કે પંચનામાની કાર્યવાહીમા શું શું લખાણ કરવામા આવેલ હોય તેની તેઓને જાણ ન હોવાનુ જણાવે છે તેમજ તેમની સહી માત્ર ઓળખી બતાવે છે તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૩૪)** ફરીયાદપક્ષે આંક–૨૨ થી ધનશ્યામભાઇ નારુભા સીણોલ કે જેઓ **આંક–૨૩ અને ૨૪ ના શરીર સ્થિતી અને હથીયાર કબ્જે** કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી તેઓ ફકત તેમની સહી ઓળખી બતાવે છે.તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૩૫)** ફરીયાદપક્ષે આંક–૨૫ થી નટવરસિંહ નાથુભા પરમાર કે જેઓ **આંક–૨૩ અને ૨૪ ના શરીર સ્થિતી અને હથીયાર કબ્જે** કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન કરતા નથી તેઓ ફકત તેમની સહી ઓળખી બતાવે છે.તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

**(૩૬)** ફરીયાદપક્ષે આંક–૨૬ થી અશોકભાઇ જેઠાભાઇ પટેલ કે જેઓ **આંક–૨૭ ના ઈજા પામનારના કપડા કબ્જે** કર્યાના પંચનામાના પંચ સાહેદ છે.તેઓ જણાવે છે કે પોલીસ સ્ટેશને ગયા ત્યારે તેને એક ટાઇપ કરેલ કાગળમા સહી કરવાનુ કહેતા તેમા સહી કરી આપેલ તે સીવાય તેઓ કંઇ જાણતા ન હોય,

તેઓ તેમની સહી ઓળખી બતાવે છે.તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

(૩૭) ફરીયાદપક્ષે આંક–૩૬ થી રીકીનકુમાર જશભાઇ પટેલ કે જેઓ **આંક–૨૭ ના ઈજા પામનારના કપડા કબ્જે કર્યા**ના પંચનામાના પંચ સાહેદ છે.તેઓ જણાવે છે કે પોલીસ સ્ટેશને ગયા ત્યારે તેને એક ટાઇપ કરેલ કાગળમા સહી કરવાનુ કહેતા તેમા સહી કરી આપેલ તે સીવાય તેઓ કંઈ જાણતા ન હોય, તેઓ તેમની સહી ઓળખી બતાવે છે.તેઓને ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલા છે.

(૩૮) આમ ઉપરોકત તમામ પંચ સાહેદો કે જે તેમની સહીઓ ઓળખી બતાવે છે અને કબુલ રાખે છે પરંતુ પંચનામાની વિગતે તેઓ અજાણ હોવાનુ જણાવે છે જયારે આ કામે તપાસ કરનાર અધિકારીને આંક–૭૩ થી તપાસેલા છે તેઓ તેમની જુબાનીમા પંચોને જે તે પંચનામા વખતે હાજર રાખી અને તેમની રૂબરૂ પંચનામાની વિગતે કાર્યવાહી કરેલી તે હકીકતને સમર્થન આપે છે.

(૩૯) આમ ફરીયાદપક્ષે રજુ કરવામા આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનુ જીણવટપુર્વક મુલ્યાંકન કરતા ફરીયાદીએ જ આંક–૪૨ વાળી ફરીયાદ આપેલી છે તે બનાવ તા.૨૨/૦૬/૨૦૧૭ ના રોજ બપોરે ૧:૦૦ વાગે ફરીયાદમા જણાવેલ બનાવ સ્થળે વટાદરા કોટડીયા વિસ્તારમા જયારે ફરીયાદી કિરણસિંહ ભગવતસિંહ વાઘેલા ક્રેન બોલાવી લીમડાનુ ઝાડ ખસેડતા હતા ત્યારે આ કામના સાતેય આરોપીઓ એક સંપ થઇ ગેર કાયદેસર મંડળી રચી મારક હથીયારો ધારણ કરી અને ફરીયાદી સાથે ઝઘડો કરી નાલાયક ગાળો આપી અને હુમલો કરેલ તેમજ ફરીયાદી તથા તેમનો બહેનો રૂપલબેન ઉર્ફે ઉષાબેન, નીતાબેન, રેણુબેન, સીમાબેન તથા તેમની પત્ની ક્રિષ્નાબેન કીરણસિંહ વાઘેલા તથા તેમના માતા સજજનબેન ભગવતસિંહ વાઘેલા અને તેમના પિતા ભગવતસિંહ ગાંડાભાઇ વાઘેલા નાઓને ઈજાઓ થયેલી તે હકીકત મેડીકલ ઓફીસરની જુબાની વંચાણે લેતા તથા મેડીકલ સર્ટીફીકેટ વંચાણે લેતા પણ

પુરવાર થાય છે. આ કામે મહત્વના સાહેદ કે જેઓ સ્વતંત્ર સાહેદ છે તેની આંક–૬૪ થી દિનેશકુમાર ચિમનલાલ પ્રજાપતિ ની જુબાની થી પણ આંક–૪૨ વાળી ફરીયાદને સંપુણ સમર્થન આપેલ છે. આમ ફરીયાદપક્ષ આધારભુત, વિશ્વશનીય અને માનવા યોગ્ય પુરાવાથી આંક–૦૫ વાળુ તહોમતનામુ આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનો પુરવાર કરવામા સફળ થયેલા છે. જેથી **મુદ્દા નં.૦૧ નો જવાબ હકારમા** ઠરાવુ છુ. સાથે સાથે ઈ.પી.કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫ ની વ્યાખ્યા આ તબ્કકે વંચાણે લેવી જોઈએ જે નીચે મુજબ છે.

**ઈ.પી.કો કલમ–૧૪૩ :–**

5 કે તેથી વધુ વ્યક્તિઓ ગેરકાયદેસર હેતુથી ભેગા થાય અને કોઈ વ્યક્તિ તે સભાનો સભ્ય હોય, તો તેના પર IPC કલમ 143 લાગુ પડે છે.

**ઈ.પી.કો કલમ–૧૪૭ :–**

જો ગેરકાયદેસર સભા (Unlawful Assembly) ના સભ્યો તેમના સામાન્ય હેતુને આગળ વધારવા માટે બળ અથવા હિંસા (Force or Violence) નો ઉપયોગ કરે, તો તે હુલ્લડ (Rioting) ગણાય છે. આવા ગુનામાં સામેલ વ્યક્તિને IPC કલમ 147 હેઠળ સજા થાય છે.

**ઈ.પી.કો કલમ–૧૪૮ :–**

કોઈ વ્યક્તિ હુલ્લડ (Rioting) દરમિયાન જીવલેણ હથિયાર (જેમ કે તલવાર, છરી, બંદૂક અથવા મૃત્યુકારક બની શકે તેવી અન્ય વસ્તુ) સાથે હાજર હોય, તો તેના પર IPC કલમ 148 લાગુ પડે છે.

**ઈ.પી.કો કલમ–૧૪૯ :–**

જો ગેરકાયદેસર સભા (Unlawful Assembly) નો કોઈ એક સભ્ય, તે સભાના સામાન્ય હેતુ (Common Object) ને આગળ વધારવા માટે કોઈ ગુનો કરે, અથવા એવો ગુનો થવાની શક્યતા વિશે સભ્યોને જાણ હોવા છતાં તે ગુનો થાય, તો તે સમયે હાજર રહેલા દરેક સભ્યને તે ગુનાનો દોષિત માનવામાં

આવે છે.

**ઈ.પી.કો કલમ–૩૦૭ :–**

જો કોઈ વ્યક્તિ મૃત્યુ થાય તેવી ઈરાદાથી અથવા જાણ સાથે કોઈ વ્યક્તિ પર એવો હુમલો કરે કે જેના કારણે તેનું મૃત્યુ થઈ શકે, પરંતુ તેનું મૃત્યુ ન થાય, તો તે ગુનો IPC કલમ 307 હેઠળ આવે છે.

**ઈ.પી.કો કલમ–૩૨૩ :–**

જો કોઈ વ્યક્તિ ઈરાદાપૂર્વક અથવા જાણીને કોઈ વ્યક્તિને શારીરિક પીડા, ઈજા અથવા નબળાઈ (hurt) પહોંચાડે, તો IPC કલમ 323 લાગુ પડે છે.

**ઈ.પી.કો કલમ–૫૦૪ :–**

જો કોઈ વ્યક્તિ જાણપૂર્વક અપમાન કરે અને તે અપમાનથી સામેની વ્યક્તિને ગુસ્સે આવી શાંતિ ભંગ કરવા અથવા ગુનો કરવા માટે ઉશ્કેરવાનો ઈરાદો હોય, તો IPC કલમ 504 લાગુ પડે છે.

**ઈ.પી.કો કલમ–૫૦૬(૨) :–**

જો કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિને મૃત્યુ, ગંભીર ઈજા, આગ લગાડવી, સ્ત્રીના સન્માનને નુકસાન અથવા ગંભીર ગુનાની ધમકી આપે અને ભય પેદા કરવાનો ઈરાદો હોય, તો IPC કલમ 506(2) લાગુ પડે છે.

**જી.પી.એકટની કલમ–૧૩૫ :–**

જો કોઈ વ્યક્તિ ગુજરાત પોલીસ એક્ટની કલમ 37, 39 અથવા 40 હેઠળ કરાયેલા કાયદેસર હુકમનું ઉલ્લંઘન કરે અથવા તેનો ભંગ કરાવવામાં મદદ કરે, તો G.P. Act કલમ 135 લાગુ પડે છે.

(૪૦) આમ જો આરોપી સામે ઉપરોકત ગુનાનો ફરીયાદપક્ષ તરફથી જે આક્ષેપ કરવામા આવેલ ઉપરોકત ગુન્હાની વ્યાખ્યા વંચાણે લેતા તથા ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને સંયુકત વાંચતા ફરીયાદપક્ષ નિશંકપણે આંક–૦૫ નું તહોમતનામુ પુરવાર કરવામા સફળ થયેલા છે. જેથી આરોપીઓને ઈ.પી.કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫ મુજબના ગુનાના

કામે તકસીરવાન ઠરાવવામા આવે છે અને સજાના મુદ્દા સાંભળવા માટે મુલત્વી.

તા.૨૮/૦૭/૨૦૨૬ **(પી.એચ.શર્મા)**

**સેશન્સ જજ ખંભાત**

**(૭૧)** આ તબકકે આરોપી તરફે વિ.વકીલશ્રી જી.કે.પંડયા નાઓ તેમની મૌખિક દલીલમા એવુ જણાવે છે કે, આ કામના આરોપીઓ **૧.** રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, ઉ.વ. ૬૪, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, ઉ.વ.૩૬,**૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, ઉ.વ.૪૨, **૪.** નરેન્દ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, ઉ.વ.૩૦, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, ઉ.વ.૩૦,**૬.**કનુભાઈ શનાભાઈ ઠાકોર, ઉ.વ.પર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણ, ઉ.વ.૫૪ માંથી અમુક આરોપીઓ મોટી ઉંમરના છે અને આરોપી નં.૧,૨,૩ અરસપરસ પર બાપ–દિકરાનો સબંધ છે અને આરોપી નં.૫ અને ૬ વચ્ચે બાપ–દિકરા છે.જો તમામને જયુડીશીયલ કસ્ટડીમા રાખવામા આવે તો તેમના પરીવારની આજીવીકા ચલાવવી મુશ્કેલ થઈ જાય અને પરીવાર નોધારો થઈ જાય તા.૨૩/૦૬/૨૦૧૭ ના રોજ આરોપીઓની અટક કરવામા આવેલી ત્યાર થી આજ દિન સુધી ફરીયાદી સાથે કોઈ તકરાર કે બોલાચાલી થયેલાનુ બનેલ નથી કે તેવુ રેકર્ડ પર પણ આવેલ નથી. હાલના આરોપીઓ વિરૂધ્ધ આ જે ગુન્હો નોંધાયેલો તે પહેલા પણ તેઓ કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા ન હતા. ઉપરોકત ગુન્હો અચાનક આવેશમા આવી જઈ થયેલો હોય જેથી ઈ.પી.કો કલમ–૩૦૭ મા ઓછામા ઓછી સજા કરવા અરજ કરે છે.

**(૭૨)** સજાના મુદ્દે એપીપીશ્રી જે.એસ.ગઢવી નાઓ એવુ જણાવે છે કે, જયારે આરોપીઓ સામે ગંભીર પ્રકારનો ગુન્હો પુરવાર થયેલ હોય ત્યારે તેનો સમાજમા દાખલો બેસે તેવી મહતમ સજા કરવી જોઈએ.

**(૭૩)** બંને પક્ષકારોની દલીલ સાંભળી આ અદાલત અરજદારના વિ.વકીલશ્રી જી.કે.પંડયાની દલીલ સાથે સંમત છે કે, આ કામના આરોપીઓ મોટી ઉંમરના છે અને બાપ દિકરા છે. પરંતુ સાથે સાથે આ અદાલત ગુન્હાનો પ્ર

કાર ધ્યાને લેતા તેઓ બંને પક્ષકારો વચ્ચેનો જઘડો કોમન પ્લોટમા રહેલ લીમડાના ઝાડ ખસેડવા માટેનો હતો આમ નેચર ઓફેન્સ એ ગુન્હાની તીવ્રતા દર્શાવતો નથી અને ગુન્હાની ગ્રેવીટી ને ધ્યાને લેતા આ અદાલત આરોપીના વિ.વકીલશ્રી જી.કે.પંડયા ની એ દલીલ સાથે સંમત છે કે જયારે આરોપીઓને કસુરવાર ઠેરવવામા આવેલ હોય ત્યારે ઈ.પી.કો કલમ–૩૦૭ હત્યાની કોશીશ જેવા ગુન્હામા ન્યુનતમ સજા કરવી જોઈએ. જે તમામ સંજોગો, હકીકતો ધ્યાને લેતા આરોપીઓને તેમની સામેના ગુન્હામા વાજબી સજા કરવામા આવે તો ન્યાયનો હેતુ દેખાશે તેવુ માનુ છુ જેથી નીચે મુજબ હુકમ કરુ છુ.

## ::હુકમ::

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, **૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણ, તમામ રહે. વટાદરા, કોટડીયા વિસ્તાર, તા. ખંભાત, જી.આણંદ નાઓને ખંભાત રૂરલ પોલીસ સ્ટેશન **ફસ્ટ ગુ.ર.નં. ૩૧/૨૦૧૭ થી ઈ.પી.કો. કલમ – ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી એકટની કલમ– ૧૩૫** મુજબના ગુનામાં **તકસીરવાન ઠરાવવામા આવે છે.**

**૨.** આરોપી નં. **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર,

**૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણનાઓને ઈ.પી.કો. કલમ–૧૪૩ સાથે કલમ–૧૪૯ વાંચતા તે ગુન્હા સબબ ૬ માસની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામા આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૩.** આરોપી નં. **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેંદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, **૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણનાઓને ઈ.પી.કો. કલમ–૧૪૭ સાથે કલમ–૧૪૯ વાંચતા તે ગુન્હા સબબ **૧ વર્ષ** ની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂા.૧૦૦૦ /–(અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ કરવામા આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૪.** આરોપી નં. **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેંદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, **૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણનાઓને ઈ.પી.કો. કલમ–૧૪૮ સાથે કલમ–૧૪૯ વાંચતા તે ગુન્હા સબબ ૧ વર્ષની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂા.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ કરવામા આવે છે અને દં

ડ ન ભરે તો વધુ ૧ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૫.** આરોપી નં. **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, **૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણનાઓને ઈ.પી.કો. કલમ–૩૦૭ વાંચતા તે ગુન્હા સબબ ૩ વર્ષ ની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂા.૨૦૦૦ /–(અંકે રૂપિયા બે હજાર પુરા) દંડ કરવામા આવે છે અને દંડ ન ભરે તો વધુ ૬ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૬.** આરોપી નં. **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, **૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણનાઓને ઈ.પી.કો. કલમ–૩૨૩ વાંચતા તે ગુન્હા સબબ ૧ વર્ષ ની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂા.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ કરવામા આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૭.** આરોપી નં. **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, **૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ

ચૌહાણનાઓને ઈ.પી.કો. કલમ–૫૦૪ વાંચતા તે ગુન્હા સબબ ૬ માસની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામા આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૮. આરોપી નં. **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, **૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણનાઓને ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) વાંચતા તે ગુન્હા સબબ ૧ વર્ષ ની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામા આવે છે અને દંડ ન ભરે તો વધુ ૩ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૯. આરોપી નં. **૧.**રામસિંહ પ્રભાતસિંહ ગોહેલ, **૨.** સુરેશભાઈ ઉર્ફે લાલો રામસિંહ ગોહેલ, **૩.** પ્રકાશસિંહ રામસિંહ ગોહેલ, **૪.** નરેદ્રસિંહ ઉર્ફે પોપટ રામસિંહ ગોહેલ, **૫.** કમલેશભાઈ ઉર્ફે કલ્પેશભાઈ કનુભાઈ ઠાકોર, **૬.** કનુભાઈ શનાભાઈ ઠાકોર, **૭.** ભાનુભાઈ ઉર્ફે બુધાભાઈ મફતભાઈ ચૌહાણનાઓને જી.પી.એકટની કલમ–૧૩૫ વાંચતા તે ગુન્હા સબબ ૬માસ ની સખત કેદની સજા તથા દરેક આરોપીને રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામા આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**૧૦.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૭ મુજબ આરોપીઓએ ઉપરોકત તમામ સાજા એક સાથે ભોગવવાની રહેશે.

**૧૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ ની જોગવાઇ મુજબ આરોપીઓને ભોગવેલ સજા મજરે આપવી.

**૧૨.** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામા આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

**૧૩.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ ની જોગવાઇ અન્વયે આરોપીઓ પાસેથી જે દંડની રકમ વસુલવામાં આવે તેમાંથી રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામા આવે છે.

**૧૪.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ ની જોગવાઇ અન્વયે આરોપીઓને આ ચુકાદાની સર્ટીફાઇડ નકલ વિનામુલ્યે તાત્કાલીક આપવી.

**૧૫.** આ કામના આરોપીઓને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવા તથા ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપીઓના નામનું સજા વોરંટ ઇસ્યુ કરવુ.

આ હુકમ આજ રોજ તારીખ–**૨૮**, માહે–**જુલાઈ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(પી.એચ.શર્મા)**

તારીખ :– ૨૮/૦૭/૨૦૨૬ ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
ખંભાત. ખંભાત.

**GJ-00701**

સ્ટેનો. જે.એ.સોજીત્રા